**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–''સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'', ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| સ્વાભાવિકતા | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| કઠ ઉપનિષદ | યોગેશ્વરજી | ૧૧ |
| વિદેશના વિશેષ પુરુષ | મા સર્વેશ્વરી | ૧૭ |
| Maa–The Giver, Sacrificer, & Unconditional Lover | Hemali Patel | ૨૭ |
| 'પ્રાર્થના સંભળાય છે' | નારાયણ હ. જાની | ૩૩ |
| સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા | સ્વામી રામદાસ | ૩૮ |
| મૂરખનો રાય | મહારાજશ્રી નથુરામશર્મા | ૪૩ |
| પ્રગટ્યું નવલું પ્રભાત | ડો. બી. જે. જાગાણી | ૪૪ |
| સથવારો | મા સર્વેશ્વરી | ૫૦ |
| જપના લાભ | યોગેશ્વરજી | ૫૨ |
| બે માતાઓ | પ્રાગજી ડોસા | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

**શૈશવથી માતા શોભનાબેનની આંગળી પકડી સત્સંગમાં પ્રવેશ્યા. યુવાની સારા મિત્રોથી સજાવી, વધુ અભ્યાસ અર્થે વિદેશ વસ્યા, છતાં અખંડ શ્રદ્ધાભક્તિ, પવિત્ર જીવન અને પ્રાર્થનાના સંસ્કાર સુરક્ષિત રાખી પિતા ગૌતમભાઈનું પ્રતિબિંબ બનવા પ્રયત્ન કર્યો.**

**એવા યુવાભક્ત શ્રી તેજસ ભટ્ટ તરફથી અધ્યાત્મનો આ અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે.**

**આશીર્વાદ પ્રભુના વરસો એ જ પ્રાર્થના.**

**—મા સર્વેશ્વરી**



# સ્વાભાવિકતા

**શ્રી યોગેશ્વરજી**

એક દિવસે ફોટોગ્રાફરે ફોટો લેવાની તૈયારી કરતી વખતે અમને જણાવ્યું : 'જરા હસતા રહેજો. મોંઢાને મલકતું, હસતું રાખજો. ફોટો ત્યારે જ સારો આવી શકશે.'

ફોટો પાડનાર ભાઈએ કૃત્રિમ રીતે હસાવવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન ક્ષણજીવી નીવડ્યો, એટલે ફોટોગ્રાફરે વળી કહ્યું : "ફોટો લઉં ત્યાં સુધી મનને મજબુત રાખીને સ્મિત કરતા રહો તો સારું."

"પરંતુ મારાથી વધારે સમય સુધી સ્મિત કરી શકાતું નથી, આટલું સ્મિત પણ મહા મહેનતે કરી રહ્યો છું. હવે તમે મને હસતો જુઓ તે જ વખતે ફોટો પાડી લો, તો સારું. વિલંબ ના કરો."

પેલા ભાઈના શબ્દોને સાંભળીને ફોટોગ્રાફરે ફરીવાર થોડા સમય સુધી હસતા રહેવા જણાવ્યું, અને અવસરને ઓળખીને તરત જ ફોટો પાડી દીધો. પણ છેક છેવટની ક્ષણે પાછો અમારો ચહેરો ગંભીર બની ગયો.

ફોટોગ્રાફરે જણાવ્યું કે "હવે ફોટો ધાર્યા જેટલો સારો નહીં આવે. એનો દોષ મને ના દેતા, મેં તમને પ્રથમથી જ સૂચના આપેલી."

દોષ ફોટોગ્રાફરનો પણ હતો જ, કારણ કે એ પેલા ભાઈનો સ્વાભાવિક નહીં, પરંતુ કૃત્રિમ ફોટો લેવાની કોશિષ કરી રહેલા. એમના મનમાં એવો ભ્રાંત વિચાર પેસી ગયેલો કે સ્મિત

કરતા મુખવાળો ફોટો વધારે આદર્શ અથવા વધારે સારો કહેવાય. ફોટો નૈસર્ગિક મુખાકૃતિનું પ્રતિબિંબ પાડતો સહજ પ્રતિછબી હોવો જોઈએ, એ વાતનો એમને ખ્યાલ જ ન હતો. ફોટો પાડવાની પ્રક્રિયાને એ એક કૃત્રિમ નાટકીય પ્રક્રિયા સમજતા.

આપણામાંના ઘણા એવું સમજતા હોય છે. અસલ નહીં પણ નકલ, કુદરતી નહીં પરંતુ કૃત્રિમનો આપણે દેખાવ કરીએ છીએ, એને આરાધીયે અથવા ઉત્તેજીએ છીએ. પરિણામે આપણા જીવનમાં પણ કૃત્રિમતા આવે છે અને આપણા સમાગમમાં આવનારા બીજા બધા પણ કૃત્રિમ થવાના, જેવા નથી તેવા દેખાવાના, તેવી રીતે બોલવાના, ચાલવાના, જીવવાના, હસવાના પ્રયત્ન કરે છે. એવો પ્રયત્ન સર્વત્ર જોવા મળે છે. એને લીધે આપણા જીવનની સ્વાભાવિકતા ઘટતી કે મટતી જાય છે. દંભ, દેખાવ, બનાવટ, છેતરપીંડી વધતી જાય છે. શાંતિ મરતી જાય છે, અશાંતિ વિસ્તરતી રહે છે. આપણે જેવા છીએ તેવા દેખાવાનો, જીવવાનો, પ્રયાસ જ નથી કરતા. આપણી સ્વતંત્રતા તથા સુરુચિતાનો નાશ થાય છે.

એવા જીવન વ્યવહારથી જુદી રીતે, સ્વાભાવિક રીતે જીવનારા ને જીવવામાં માનનારા માનવો પણ મળી આવે છે. એમની સંખ્યા ભલે ઓછી હોય, અત્યંત ઓછી હોય, પરંતુ એમનો આત્યંતિક અભાવ નથી. એમને મળીને આનંદ થાય છે. સંતોષ સાંપડે છે. એ અવનિના અલંકાર લાગે છે.

એક સદ્‌ગૃહસ્થને એમનાં શ્રીમતીજીએ સૂચના આપી કે આજે આપણે ઘેર પેલા પ્રતિષ્ઠિત પુરુષો મળવા આવવાના છે માટે સંભાળીને બેસજો, બોલજો અને પેલા ક્રીમ કલરનાં રેશમી



કપડાં પહેરજો. એ સદ્‌ગૃહસ્થે સ્વસ્થતાપૂર્વક શાંતિથી જણાવ્યું કે તારી સૂચના માટે આભાર. તારી સૂચનાઓ સદા આવી જ હોય છે, છતાં પણ હું મારી ઈચ્છા પ્રમાણે કરતો રહું છું. હું જેવી રીતે રોજ રહું છું, બોલું છું, તેવી જ રીતે રહીશ, બેસીશ અને બોલીશ. રોજનાં જ વસ્ત્રો પહેરીશ. કોઈ માટે અનાવશ્યક દેખાવ કે દંભ નહીં કરું. જેવો છું તેવો જ રહીશ.

એ સદ્‌ગૃહસ્થે એમને ત્યાં પધારેલા ફોટોગ્રાફરને પણ એની સ્મિત કરવાની સૂચનાને સાંભળીને જણાવ્યું કે હું જેવો છું તેવો જ, સ્થૂળ રીતે ફોટામાં પ્રતિબિંબત બનું એવી મારી ઈચ્છા છે. માટે મારો ફોટો લઈ લો. એ મારો અસલ ફોટો હશે. નકલી ફોટો નહીં હોય. ફોટો ગ્રાફરે અવારનવાર દલીલો કરી પણ તેમનું કાંઈ વળ્યું નહીં. છેવટે એમને પેલા સદ્‌ગૃહસ્થનો સહજ, સ્વાભાવિક નૈસર્ગિક ફોટો લેવો પડ્યો. એ ફોટાની નીચે પેલા સદ્‌ગૃહસ્થે સુંદર શબ્દોમાં લખ્યું–'સ્વાભાવિક ફોટો–જેવો છું તેવો જ.'

જીવનમાં આપણે પણ જે વાંછીએ તેવા જ, નૈસર્ગિક રીતે જ કોઈપણ પ્રકારની બનાવટ સિવાય, કોઈનીય આંખે ઊંધા ચશ્મા પહેરાવવાના પ્રયાસો કરવાને બદલે આપણા મૂળ સહજ સ્વરૂપે રહેવાની ને જીવવાની કોશિષ કરીએ તો? આપણને ને બીજા બધાને કેટલો બધો લાભ થાય? જીવનની અનેકવિધ સમસ્યાઓ સહેલાઈથી ઉકલી જાય. આપણને સહજ રીતે જીવવાનો સંતોષ મળે. એ સંતોષ શાંતિમાં, ઊંડી સનાતન શાંતિમાં પરિણમે. તો આવો, આજથી, અત્યારથી, સ્વાભાવિક રીતે જીવવાનો, જીવનના પ્રત્યેક વ્યવહારમાં સ્વાભાવિકતા લાવવાનો સંકલ્પ કરીએ. એ શુભ સંકલ્પને વળગી રહીએ.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૩ મે–૨૦૧૧ અંક ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૮૬, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત.**
**તા. ૧૭/૩/૮૨ બુધવાર.**

આજે સવારે પૂ.શ્રી સમયસર પોતાના કાર્યક્રમમાં નિયમિત રહે છે. જેથી નોંધ ખાસ ન થઈ.

મુલાકાતના સમયે ૧૨ વાગ્યે ભાઈબહેનો ઓરડામાં આવે છે. પૂ.શ્રીને પ્રણામ કરીને સૌ પોતાની બેઠક લે છે.

એક બહેન જે સર્વેશ્વરી સાથે અભ્યાસમાં સાથે હતાં તે બહેન આવે છે. સર્વેશ્વરી વાતો કરતાં તે બહેનને કહે છે. ઘણાં દિવસે આવ્યાં હું તમારી રાહ જોતી હતી. પૂ.શ્રીએ એ સાંભળી કહ્યું : રાહ દુઃખદાયક છે. પ્રભુની જ રાહ જોવી. પ્રભુ ન આવે તો દુઃખ કરવા જેવું.

મુલાકાત શરૂ થાય છે. એક નાનકડા ભાઈ પાણીની શીશી પૂ.શ્રીને આપતાં કહે છે. આ પાણીથી આપના ચરણસ્પર્શ કરવા



છે. પૂ.શ્રી એ શીશી હાથમાં લેતા પૂછ્યું, ''શાનું પાણી છે? નળનું.''

નદીનું લાવો ભાઈ. નદી પવિત્ર હોય છે. તાપી, સાબરમતી, ગંગા, નદીઓ સમુદ્ર તરફ જાય. આપણે પણ સમુદ્ર તરફ પ્રભુ તરફ જવાનું.

લો, આ પવિત્ર જળ થઈ ગયું. બસ. વધારે ને વધારે સાધના કરો છો.

તે ભાઈઃ–હું દરરોજ ગુરુ ૐ જપું છું, જપતાં જપતાં નિર્વિચાર થઈ જવાય છે. ગાયત્રીમંત્ર બધા કરે છે. હું કરું?

પૂ.શ્રીઃ–ૐ ગુરુ જપો. સારો મંત્ર છે. એક જ મંત્ર જપો. એકવાર પરણ્યા, પછી કેટલીક વાર બીજા પાસે જવું? એક જ મંત્ર લીધો પછી બીજા મંત્રોનું શું કામ?

પ્રશ્નઃ–વૈરાગ્ય વધારવાના સાધનો કયાં કયાં?

પૂ.શ્રીઃ–વૈરાગ્ય વધારવાના પ્રથમ તો વિવેક જરૂરી છે. વિવેક એનો પાયો છે. શુભ અને અશુભમાં વિવેક કરવાની શક્તિ વધે. નિત્ય અને અનિત્ય વસ્તુને ઓળખતાં શીખો.

રાગરહિત અવસ્થા તે વૈરાગ્ય અને ઈશ્વરમાં વિશિષ્ટ રાગવાળી અવસ્થા તે પણ વૈરાગ્ય.

વિવેક વિના વૈરાગ્ય નહીં આવે.

દા.ત. લાડુ. આપણે જાણીએ છીએ કે લાડુ હું ખાઈશ તો ઝાડા થઈ જશે. લાડુ ખાવાનું સુખ ક્ષણભંગુર છે. મારી પ્રકૃતિ એવી છે કે લાડુ ખાવાથી દુઃખનો અનુભવ થશે જ.

એટલે લાડુ ન ખાવો જોઈએ એ તમારી સમજ વિવેકવાળી છે. લાડુ ન ખાવા તે વિવેક થયો.

અને તેથી મારે લાડુમાં પ્રીતિ કે રાગ રાખવો નથી. એમ હું માનવા લાગ્યો. એટલું જ નહીં, ઘરમાં પણ લાડુ બનાવવાની ના પાડી દીધી. છતાં એક દિવસ લાડુ બને ને હું ખાઈ લઉં તો ખાવાની ક્રિયામાં તમારો જે વૈરાગ્ય હતો (રાગ વિનાની જે અવસ્થા હતી) તે હાલવા માંડ્યો.

લાડુ ન જ ખાવા એ વિવેક જો તમારો મજબૂત હશે તો તમારો લાડુ પ્રત્યેનો જે વૈરાગ્ય છે. તે ટકશે ને. તમે અંતે લાડુનો ત્યાગ કરશો.

એટલે લાડુ ન ખાવા જોઈએ એ વિવેક એવા વિવેકમાંથી જ લાડુ પ્રત્યે રાગવિનાની અવસ્થા આવે અને તે વૈરાગ્ય. અને એ વૈરાગ્યમાંથી લાડુનો ત્યાગ તે ત્યાગ.

**ત્યાગ ન ટકે રે વૈરાગ્યવિના.**

આજકાલ વૈરાગ્ય એટલે લોકો માને છે કે કામ ન કરવું. પરણ્યા હોય તો છોડી દેવા, ન બોલવું. બાળકો હોય તો ખોળામાં ન લેવાં.

આ બધું વૈરાગ્યને નામે ખોટું ચાલ્યું છે. જ્યાં છો ત્યાં રહીને તે કામ કરો.

પ્રશ્નઃ—શંકરાચાર્યનું શાસન ખૂબ કડક હતું.

પૂ.શ્રીઃ—તેથી જ તો પટ્શિષ્ય ચાર જ થયા. ચાર લાખ ન થાત.

પ્રશ્નઃ—શંકરાચાર્યને દશ શિષ્યો હતા તે દશનામી.

પૂ.શ્રીઃ—તમે પ્રશ્ન પૂછ્યો જ તો સમજી લો. શંકરાચાર્યે સંન્યાસીઓને દશ વિભાગમાં વહેંચ્યા છે. સંન્યાસ જે લે તેમણે પોતાના નામની પાછળ આનંદ, પૂરી, ગિરિ, ભારતી, આશ્રમ, તીર્થ વગેરે. શબ્દો લગાડવા પડે.



એમાં જે શરીરે બ્રાહ્મણ હોય તે જ સંન્યાસ લેતી વખતે તીર્થ કે આશ્રમ શબ્દ લગાડી શકે. બ્રાહ્મણ સંન્યાસી દંડ પણ રાખી શકે.

પ્રશ્નઃ—સંતોનો સત્સંગ થાય ત્યારે તો સેવા થાય, પણ જાય પછી શું કરવું?

પૂ.શ્રીઃ—પ્રેરણા લેવાની. ફોટાઓ રાખવા. ફોટા પાસે બેસી વધુને વધુ પ્રાર્થના જપ કરવાં. સત્સંગ પછી થોડો સમય એવો જાય. તમને એમ થાય કે પ્રેરણા સુકાવા માંડી પણ ત્યાં તો ફરી સત્સંગ દર્શનનો લાભ મળે.

આજે પ્રશ્નોત્તરીમાં જેને જેને અનુકૂળતા છે તેણે રાબ, શીરો ને સુખડી ખાવી જોઈએ. એ વાત ઉપર પૂ.શ્રીએ ભાર મૂક્યો.

મુલાકાત બાદ સૌ સમય થતાં વિદાય લે છે. આજે વડોદરાથી શ્રી મૂળશંકર જાનીને અમદાવાદથી શ્રી બાબુભાઇ વોરા પૂ.શ્રીને મળવા આવ્યા છે તેમની સાથે પૂ.શ્રી થોડીવાર વાતો કરે છે.

આજે મુલાકાત બાદ ભોજન લે છે. ભોજન બાદ આરામ.

સાંજે પ્રવચન થયું. પ્રવચન બાદ સર્વેશ્વરીએ વિદેશયાત્રા ઉપર પાંચમો વાર્તાલાપ આપ્યો.

ઉતારા ઉપર સમયસર આવી ગયા. દૂધ ફળ લઈ આરામ.

હરિઃ ૐ.

(ક્રમશઃ)

# કઠ ઉપનિષદ

(ગતાંકથી આગળ) **યોગેશ્વરજી**

(૬)

**શ્રેય ને પ્રેય**

પોતાની પ્રશસ્તિના અનુસંધાનમાં આગળ વધતાં યમદેવ બીજી પણ કેટલીક માર્મિક વાતો કહી દે છે. તેમાં શરૂઆતમાં જ શ્રેય ને પ્રેય વિશે ઊડતો વિચાર રજૂ થાય છે.

શ્રેય એટલે આત્મકલ્યાણ ને પ્રેય એટલે વિશાળ અર્થમાં સંસારના પ્રિય લાગનારા પદાર્થો. જીવનમાં મનુષ્યની સામે એ બંને વસ્તુઓ આવીને ઊભી રહે છે. મતબલ કે એક તબક્કો તેના જીવનમાં એવો આવે છે કે જ્યારે તેણે આત્મકલ્યાણનો માર્ગ અથવા તો સંસારનો ભોગ કે સુખોપભોગનો માર્ગ એ બે માંથી એકની પસંદગી કરવાની રહે છે. મોટે ભાગે માણસ સાંસારિક સુખની ઈચ્છા રાખે છે. સંસારના ભોગ્ય પદાર્થોમાં તેનું મન વધારે પ્રમાણમાં ડૂબેલું હોય છે. તેથી જીવનના દેખીતાં છતાં કામચલાઉ સુખ ને આનંદ માટે તે પ્રેયને પસંદ કરે છે ને શ્રેયની સાધનાને છોડી દે છે. પરંતુ જે વિવેકી ને વિચારશીલ છે તે તો સંસારના સુખોપભોગને ગૌણ ગણીને આત્મોન્નતિની સાધનાનો સ્વીકાર કરે છે. તે જાણે છે કે જીવનને સાચા અર્થમાં જીવન બનાવવા ને સુખી કરવા આત્મોન્નતિ અત્યંત આવશ્યક છે. તેથી કોઈ પણ કારણે ને કોઈ પણ સંજોગોમાં તે શ્રેય કે કલ્યાણની કેડીનો અનાદર નથી કરતો.

એનો અર્થ કેટલાક લોકો માને છે તેમ એવો જરૂર નથી કે શ્રેય ને પ્રેય બે વિરોધી માર્ગ છે, બંનેને એકમેક સાથે કાંઈ જ



લાગતુંવળગતું નથી, બંનેનો સંબંધ જાણે સાવકી માતાનાં બે સંતાન જેવો છે, ને એકને અપનાવનારે બીજાનો ત્યાગ કરવો જ જોઈએ. બંને માર્ગો તદ્દન વિરોધી નથી. બંનેની જીવનમાં વત્તેઓછે અંશે જરૂર છે. જીવનને સમૃદ્ધ, સુખી ને સુશોભિત કરવા માટે જેમ પ્રેયની એટલે કે આત્મોન્નતિની સાધનાની પણ જરૂર છે. એટલે બંનેમાંથી એકે તરફ માણસે સૂગ કેળવવાની કે આંખમીંચામણાં કરવાની જરૂર નથી. પંખીની બે પાંખ ને માનવની બંને આંખની જેમ જીવનની શોભા ને સમૃદ્ધિ માટે બંનેની જરૂર છે. માટે કોઈનોય અનાદર કર્યા વિના માણસે તે બંને માર્ગે આગળ વધવાનું છે. પરંતુ કેટલીક વાર જીવનમાં એવા સંજોગો ઊભા થાય છે જ્યારે માણસે બેમાંથી એકની જ પસંદગી કરવી પડે છે. મતબલ કે સત્યની શોધ કે આત્મોન્નતિ માટે તે ગૂંગળામણ અનુભવે છે ને આતુર બને છે. તેને એમ થાય છે કે બધું ધ્યાન, બધી શક્તિ ને બધો સમય આત્મોન્નતિ સાધના માટે જ વાપરવાની જરૂર છે. તે વિના તેનાથી રહેવાતું જ નથી. તેને ચેન નથી પડતું. તેવા સંજોગોમાં બાહ્ય રીતે પ્રેયનો તિરસ્કાર ન હોવા છતાં તે શ્રેય તરફ પુષ્કળ પ્રમાણમાં ઢળી પડે છે. મીરાંની દશા તેવી જ હતી. ધ્રુવ ને બુદ્ધના સંબંધમાં પણ તેવું જ બન્યું હતું. આધુનિક યુગમાં શ્રી અરવિંદ જેવા મહાપુરુષનો ઉલ્લેખ પણ તે જ રીતે કરી શકાય. તેવા સંજોગોમાં માણસની નિશ્ચયશક્તિ, આદર્શપરતા, મક્કમતા, ટેક ને તમન્નાની કસોટી થાય છે. વિવેકી ને મજબૂત ઈચ્છાશક્તિવાળા માણસો તે કસોટીમાંથી સરળતાથી પાર ઊતરે છે ને આત્મોન્નતિને માર્ગે આગળ વધે છે. ધ્યેયની પ્રાપ્તિ પછી તેવા મહાપુરુષો કેટલીક વાર સાંસારિક સુખોપભોગથી સંપન્ન જીવન જીવતા દેખાય છે

ને તેમને જોઇને અવિવેકી લોકો તેમને વિષયાસક્તિવાળા ને માયામાં ડૂબેલા કે પડેલા માને છે, ને ટીકા કરે છે કે પહેલાં તે ત્યાગ ને વૈરાગ્ય તથા તપની દ્રષ્ટિએ ઊંચી કક્ષાના હતા પણ હવે નથી. હવે તેમનું પતન થયું છે. પરંતુ તે તેમનું અજ્ઞાન જ બતાવે છે. તે મહાપુરુષોની નાડને બરાબર ન ઓળખવાથી જ તે એવા પ્રલાપ કરતા હોય છે. કેટલાક સાધકોના સંબંધમાં તેમના અભિપ્રાય જરૂર સાચા હોય છે. તેવા સાધકોના દિલમાં અતૃપ્ત દશામાં સૂઇ રહેલી ભોગેચ્છાની ભાવના તેમને સંસારના પ્રિય પદાર્થોમાં ખેંચી લાવે છે ને પહેલાંના કઠોર જીવનને બદલે તે સુખસગવડવાળું ને વિલાસી જીવન જીવવા માંડે છે, મોટે ભાગે તેમાં આસક્ત થઈને તેમની આંતરનિષ્ઠામાંથી પણ તે ચલિત થાય છે. પરંતુ બધા જ સાધક કે મહાપુરુષોના અભિપ્રાયને, વણમાગ્યા અભિપ્રાયને એક ત્રાજવે તોળવાની જરૂર નથી. કેટલાક મહાપુરુષો જરૂરી સાધના કે ઉન્નતિ કરી લીધા પછી સહેજે મળતા સુખ કે સગવડના પદાર્થોને સ્વીકારી પોતાના બાહ્ય જીવનમાં ફેરફાર કરે છે તેનું કારણ તેમની ભોગપ્રિયતા કે છૂપી વાસના નથી હોતુ, પરંતુ પરિસ્થિતિ ને જાગૃતિ તથા ઊંડી સમજ હોય છે. તે કદી પ્રેમ અથવા સુખ—સગવડનાં બાહ્ય દુન્યવી સાધનોનો તિરસ્કાર કે અનાદર નથી કરતા. ફક્ત પરિસ્થિતિને લીધે તેમને અમુક જાતનું કઠોર કે કષ્ટમય જીવન જીવવું પડે છે. પણ તેવું જીવન જીવ્યા જ કરવું એ તેમનું ધ્યેય નથી હોતું. તે તો કોઇ કારણે ઉપસ્થિત થયેલો એક કામચલાઉ તબક્કો હોય છે. તે પૂરો થતાં ને પરિસ્થિતિ વધારે અનુકૂલ થતાં પોતાના વિકાસના સિદ્ધાંતોને વફાદાર રહીને પોતાના બાહ્ય જીવનમાં કે રૂપરંગમાં ફેરફાર થતો હોય તો તે થવા દે છે. પરંતુ



કોઇ પણ કારણે ને કોઇ પણ સંજોગોમાં તેમની હૃદય બુદ્ધિ કે નીતિમત્તા ને પ્રભુપરાયણતામાં ફેર પડતો નથી. એ રીતે તેમને સમજીએ તો તેમને માટેના વ્યર્થ પ્રલાપો ને અભિપ્રાયોનો અંત આવે. બુદ્ધિ ને હૃદય બંનેની વિશાળતા ને વિમળતા એ માટે આવશ્યક છે.

## આત્માનું જ્ઞાન

નચિકેતાએ બધાં પ્રલોભનોને ગૌણ ગણીને પોતાની સત્યપરતા બતાવી આપી તે માટે યમદેવે તેને અભિનંદન આપ્યા. તે પછી આત્મજ્ઞાનની શરૂઆત કરતાં કહેવા માંડ્યુંઃ આત્મા છે ને તે અમર છે. શરીરમાં તેની ઉપસ્થિતિથી જ શરીર કામ કરે છે. જીવન આટલું જ છે ને તે પછી એટલે મરણ પછી કશું જ નથી એમ માનવું ખોટું છે. આ જીવન પુરું થયા પછી પણ બીજું અનંત જીવન બાકી રહે છે એમ જે જાણે છે તે જ સાચા અર્થમાં જ્ઞાની છે. આત્મા શું છે તેની મોટા ભાગના લોકોને કલ્પના પણ નથી હોતી. આત્મા વિશે ઘણાને સાંભળવા પણ મળતું નથી. તેમજ કોઇ તેને વિશે માહિતી મેળવે તોપણ તેને પ્રત્યક્ષ રીતે જાણવાનું, ઓળખવાનું કે મળવવાનું કામ અત્યંત અઘરું છે. કેવળ બુદ્ધિ, દલીલ કે તર્કથી આત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેમ જ તેની પૂરી માહિતી પણ મળી શકતી નથી. અનુભવી પુરુષ એને વિશે જ્યારે સમજાવે ત્યારે જ થોડીઘણી માહિતી મળી શકે છે. સામાન્ય માણસ પાસેથી એની માહિતી નથી મળી શકતી. એની માહિતી મેળવવાની ઇચ્છા-વાળા માણસો પણ સંસારમાં વિરલ છે. તારામાં તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તાલાવેલી છે. તે જોઇને, હે નચિકેતા, મને અત્યંત આનંદ થયો છે. તારા જેવો દ્દઢ નિશ્ચયવાળો જિજ્ઞાસુ ખરેખર ન

મળે. સ્વર્ગની ને બીજી ભોગેચ્છાનો તેં ત્યાગ કર્યો છે. આત્મા અત્યંત ગૂઢ છે. સર્વવ્યાપક ને હૃદયવ્યાપક ને હૃદયરૂપી ગુફામાં રહેલો છે. વળી સૌથી જૂનો કે પ્રાચીન છે. એ આત્મા જ્ઞાન ને યોગની સાધનાથી જાણી કે અનુભવી શકાય છે. તેના અનુભવથી માણસનું મન, શાંત, સ્થિર ને દ્વંદ્વાતીત થઇ જાય છે. આત્માનું જ્ઞાન મેળવીને, સારી પેઠે સમજીને તથા આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને માણસ આનંદમય બની જાય છે કેમકે પોતે જ આનંદમય છે. હે નચિકેતા, આત્માનું એ મહાન ને મંગલ મંદિર તારે માટે ઊઘડી ગયું છે એમ હું માનું છું. તું તેમાં પ્રવેશ કરવા ને તેમાં વિરાજેલા આત્મદેવનાં દર્શન કરવા માટે તદ્દન યોગ્ય છે, નક્કી એ છે.'

યમદેવતાનાં પ્રારંભિક વચનો સાંભળીને નચિકેતાને આનંદ થયો ને કેમ ન થાય! આત્મજ્ઞાનની આવી ઉજાણીમાં સામેલ થવા તો તે આવ્યો હતો. તે તેનો માનીતો મનોરથ હતો. તરસ્યા પ્રવાસીને જેમ કોઇ મીઠા ઝરણાનું પાણી ને ભૂખ્યાને ભાવતું ભોજન મળે ને તેનો ઉત્સાહ સમાય નહીં તેમ તેને પણ અપાર આનંદ થયો. યમદેવતા જેવા વક્તા પણ બીજે ક્યાં ને કોણ મળે? તેમનો પૂરો લાભ લેવાનું તે પણ કેમ ચૂકે? તેથી જ નચિકેતાએ પોતાની જિજ્ઞાસા રજૂ કરતાં કહ્યું કે ધર્મ ને અધર્મથી પર, કર્મ ને અકર્મ અથવા સર્જન ને વિસર્જનથી પર તથા ભૂત ને ભવિષ્યથી પણ પર એવું અનુસંધાનમાં યમદેવનું વિશાળ વિવેચન ચાલુ થયું. તેનો ઊડતો ઉલ્લેખ આપણે કરી લઇએ.

યમદેવે કહ્યું: 'ભાઇ, આત્મા તે જ પરમાત્મા છે. તેને બ્રહ્મ પણ કહે છે. તે જ ટૂંકમાં પ્રણવ અથવા તે જ વર્ણન કરે છે. તેને પ્રાપ્ત કરવા, મેળવવા કે ઓળખવા માટે જ તપસ્વી તપ ને વ્રત



કરે છે તેમજ તેને માટેના કડક નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે. તે અવિનાશી છે. તેને જાણી લેવાથી માણસ જે જે વસ્તુની ઇચ્છા કરે છે તે તેને મળી રહે છે. તેને જાણવાથી જીવન ધન્ય ને ઉજ્જ્વળ બની જાય છે. જે તેને જાણે છે તે સંસારમાં મહાન બને છે ને જ્યાં જાય છે ને રહે છે ત્યાં પોતાની પ્રતિભાથી સર્વત્ર પૂજાય છે. આત્માનો કદી નાશ નથી થતો; તે જન્મતો કે મરતો નથી. તેની ઉત્પત્તિ નથી થતી ને તેમાંથી પણ કશું ઉત્પન્ન નથી થતું. તે જન્મરહિત, નિત્ય, સનાતન ને સૌથી પુરાતન છે. શરીરનો નાશ થવા છતાં તેનો નાશ નથી થતો. જે આત્માને હણનારો ને હણાયેલો માને છે તે બન્ને જ્ઞાની નથી; કેમકે તે કોઇથી હણાતો ને કોઇને હણતો નથી. તે સૂક્ષ્માતિસૂક્ષ્મ ને મહાનથી પણ મહાન છે. હૃદયરૂપી ગુફામાં તે વિરાજમાન છે. તેનું દર્શન દરેકને નથી થતું. મનને નિર્મળ કરવાથી, કામના તેમજ શોકથી રહિત થવાથી, તેનો અનુભવ થઇ શકે છે. એ આત્મા સ્થિર છતાં સર્વવ્યાપક ને શાંત હોવા છતાં સર્વત્ર વિચરણ કરે છે. હે નચિકેતા, બહારથી આનંદમય જેવા દેખાતાં છતાં ગુણાતીત એવા એ આત્માને મારા વિના બીજું કોણ જાણી શકે? એ આત્માને વ્યાપક રૂપે જાણીને વિવેકી પુરુષ શોક તથા મોહથી મુક્તિ મેળવે છે.'

ઉપનિષદના આવા શ્લોકમાંના કેટલાક ગીતાના શ્લોકો સાથે આબેહૂબ મળતા આવે છે. ગીતા ઉપનિષદની જ પુત્રી છે એ વાત યાદ રાખીએ તો તે માટે કોઇ શંકા નથી રહેતી.

# વિદેશના વિશેષ પુરુષ

—મા સર્વેશ્વરી

આરોગ્ય માટે જાગ્રત રહેવાનું પણ પૂ.શ્રી પાસે શીખવા જેવું છે. અતિનિયમિત શીર્ષાસન, દંડ, બેઠક પૂ.શ્રી નિયમિત કરે અને એને જોતા જોતા જાણે અમને થાક લાગતો.

પરંતુ એ આરોગ્ય માટેનો પાઠ હતો. આરોગ્ય માટે શારીરિક તપાસ પણ જરૂરી જ છે ને! એથી જ વિદેશમાં ૧૯૯૩ માં મેડીકલ ચેકઅપ માટે વિચાર આવ્યો.

એ ચેકઅપ માટે બે કારણ હતાં એક આરોગ્ય કેવું છે તે અને બીજું ફળાહાર ને ઉપવાસ સાથે આરોગ્ય કેટલા ટકા સારું તેનો અભ્યાસ પણ થશે એમ વિચારી એ કાર્યક્રમ ઘડાયો.

લોસએંજલસમાં હતા તો શ્રી ભગવાનજી શ્રીકંચનબહેન પણ આગ્રહ કરતાં રહ્યાં. મા ડોક્ટરો તો ૪૦ વર્ષ પછી નિયમિત દર વર્ષે ચેક કરાવવું જોઇએ એમ માને છે તો આપને તો ૫૦ થયાં તો મેડીકલ ચેકઅપ કરાવી લઇએ.

ભલે. એમાં પણ પ્રભુની ઇચ્છા હશે.

અને ડોક્ટરની શોધ શરૂ થઇ. તે દિવસોમાં શચીબહેન માને મળતાં હતાં.

તેમની દ્વારા જ જાણ થઇ કે શચીબહેનના પતિ જ ડૉ. હેમંતભાઇ એ કામ કરી શકશે.

અને ૧૯૯૩માં એક દિવસ એમની મુલાકાત લીધી. પ્રથમ મુલાકાતે શ્રદ્ધાળુ સજ્જન લાગ્યા. સંભાળપૂર્વક શાંતિથી તે તપાસ થઇ પરિણામ આવી ગયું.



પછી ૧૯૯૬, ૧૯૯૯ માં પણ એમની મુલાકાત લીધી તપાસ થઇ પરિણામ પણ આવી ગયાં.

આ વરસે લોંસએંજલસ લગભગ બે વરસે મા આવે છે તો હવે પાછો મેડીકલ ચેકઅપનો પ્રશ્ન આવ્યો. ૨૦૦૧ નું એ વર્ષ હતું.

ને બે દિવસમાં જ તેમણે સમય આપ્યો. તા.૩૧ ઓક્ટો. બપોરે ૧૨ થી ૧૨—૧૫નાં સમયમાં આવી જજો.

હાજી, કહીને ફોન પર જ પાકું થઇ ગયું.

શ્રી ભગવાનજીએ જોયું ને જાણ્યું કે માના વાચવાના ચશ્મા ઉપર અનેક પ્રકારના લીટા પડ્યા છે. ધોવાથી પણ નથી જતા અને ૧૨ વર્ષથી આ જ ચશ્મા છે. તો ફરી એની પણ તપાસ કરીને ચશ્મા પણ નવા કરાવીએ એવી ઇચ્છા જાગી.

હરિઇચ્છા માની માએ અનુમતિ આપી.

તે પણ ૩૧ ઓક્ટોબરે કામ થઇ જશે એમ પણ વિચારી લીધું.

એટલે ૩૧ મીએ સવારે ૧૧ વાગ્યે નીકળ્યા. આંખની તપાસમાં ૧૨—૧૫ થઇ ગયા. ત્યાંના જાપાની ડૉક્ટરે કહ્યું આંખોનું આરોગ્ય ખૂબ સારું છે.

સવાબાર થઇ ગયા. ત્યાંથી જ ડૉ. હેમંતભાઇને જાણ કરી અમે થોડા મોડા છીએ હજી પણ વાર લાગશે.

તો ડૉક્ટર જ ફોન પર આવ્યા. કહેવા લાગ્યા.

આવો. હું બેઠો છું.

અને શ્રી ભગવાનજી શ્રી કંચનબહેન જોડે ત્યાં એક વાગ્યે પહોંચીએ છીએ.

આગળ દર્દીઓને બેસવાનું સ્થાન છે, કોઇ ન હતું અમે એક સેકન્ડ માટે જ અટક્યાં ત્યાં જ પોતાની અંદરની કેબીનમાંથી પોતાની ઓફિસના ભાગમાં ડૉક્ટર આવી ગયા ને કહેવા લાગ્યા.

''પધારો મા, આ દરબાર આપની સેવા માટે જ પ્રતીક્ષા કરી રહ્યો છે.''

ડૉક્ટરનો અવાજ સાંભળી અમે તરત જ અંદર ઓફિસમાં ગયા તો ત્યાં ત્રણ ભાઇઓ કામમાં બેઠા હતા ત્યાં જ ડૉક્ટર હાથ જોડી ઊભા હતા.

ડૉક્ટર માને પોતાની કેબીનમાં દોરી જાય છે સાથે યજમાન દંપતી પણ માની પાછળ જ આવે છે.

કેબીનમાં ડૉક્ટરની ખુરશી ઉપર જ માને બેસાડીને ડૉક્ટર તરત જ માના ચરણોમાં પ્રણામ કરે છે.

પ્રણામ કરી માના ચરણને સ્પર્શ કરી તે સ્પર્શવાળા હાથ પોતાના મસ્તકે ચઢાવે છે.

વિદેશની ધરતીપર અતિવ્યસ્ત રહેનાર, વૈભવી જીવન જીવનાર ડૉક્ટર શ્રી હેમંતભાઇનો આ શિષ્ટાચાર જ જાણે તેમની ભક્ત પુરુષ તરીકેની ઓળખનો પરિયાચક છે.

પછી હાથજોડી ઊભા રહી કહે છે.

બોલો, મા હું શું સેવા કરું? હજી ઉપવાસ ને મૌન ચાલુ છે?

શ્રી ભગવાનજી કહે છે. ૧૯૯૫ થી મૌન જ છે.

ડૉ.:— મને એમ કે વરસે વરસે બોલતા હોય તો લાભ મળે. દર વખતની જેમ બ્લડ, યુરીન ને કાડીયોગ્રામ ટેસ્ટ કરવો છે?



કે કંઇ વિશેષ?

મા:— શરીરની ખાસ કોઇ ફરિયાદ નથી. પણ એ નિમિત્તે તમને મળવાની તક મળે છે.

ડૉ.:— હું બે દિવસ પહેલાં જ યાદ કરતો હતો કે આ વરસે આશીર્વાદ આપવા કેમ પધાર્યા નથી?

શ્રીભગવાનજી ને શ્રીકંચનબહેન કહે મા એલ. એ.માં જ બે વરસે પધાર્યા છે.

મા:—અકસ્માત પછી માથામાં પાછળ દુઃખાવો વાદળિયા હવામાનથી થયા કરે છે. મુંબઇમાં બે વર્ષ પહેલા સ્કેનટેસ્ટ કરાવેલો તે ડોક્ટરે કહેલું કે દરરોજ અર્ધી જ એસ્પ્રીન લેજો જેથી માથામાં જે ઈજા થઇ છે લોહી જામી ગયું છે તે પાતળું થઇ જાય.

પરંતુ અમે તે એસ્પ્રીન હજી સુધી લીધી નથી તો ફરી સ્કેન કરાવવું જોઇએ કે કેમ?

ડૉક્ટર:—એવી કોઇ તકલીફ હોય તો સતત દુઃખે અને બે વરસ થઇ ગયાં એટલે તે બધું મટી જ ગયું હશે, છતાં માથામાં તપાસી લઇએ.

એમ કહી ડૉક્ટર માનું માથું તપાસે છે. પાછલો ભાગ માથાનો ચેક કરે છે.

મા:— આ તો જાણે તમે આશીર્વાદ આપો છો.

ડૉક્ટર હસે છે.

માથુ તપાસીને તરત જ ડૉક્ટર માના પગપાસે બેસી બન્ને પગ તપાસી લે છે. ને ફરી પાછો તે સ્પર્શ પામેલો હાથ ડૉક્ટર પોતાના મસ્તકે ચઢાવે છે અને બોલે છે:—આ તો ઘરે જ આવો છો તો આ સેવાનો લાભ મળે છે.

ક્ષણભર તો એવું લાગે કે જાણે કોઇ મંદિર છે. ને જાણે કોઇ શ્રદ્ધાળુ ભક્ત ભાવભક્તિથી પૂજા કરી રહ્યો છે.

આ દશ્યને જોનારા મા છે. કંચનબહેન છે. ભગવાનજી છે. તેમને પણ આ દશ્ય કંઇ કેટલીયે શીખ ધરનાર.

ડૉક્ટરઃ—ચાલો, હવે બ્લડપ્રેસર માપી લઇએ.

અને બે સહાયકો હતા છતાં જાતે જ પટ્ટો બાંધે છે ને હાર્ટબીટ પણ ચેક કરે છે. પ્રેસર પણ માપે છે.

ડૉક્ટરઃ—લો પ્રેસર ૭૦ હાઇપ્રેશર ૧૧૦. ખૂબ સરસ નોરમલ છે.

હવે બ્લડ લઇશું. મા એ સાંભળી પેલા ટેબલ પર ચઢવા તૈયાર થાય છે ત્યાં જ ડૉક્ટર જાતે ખુરશી ખસેડીને બેસવાનું સૂચવે છે. માના હાથે બ્લડ માટેની પટ્ટી જાતે જ બાંધે છે. ડૉક્ટર પૂછે છે મા પાણીનો ૧ ગ્લાસ લો. લઇ શકાય તો મા, ભગવાનજી અને કંચનબેન ત્રણે ના પાડે છે.

ડૉક્ટર કહે છે અમે દરેક દર્દીને પાણી આપીને પછી જ બ્લડ લઇએ છીએ પણ મા અપવાદ છે. ના લઇ શકો તો પણ વાંધો નથી.

સહાયક સેવિકા બાજુમાં જ ઊભી છે ડૉક્ટર જાતે જ બ્લડ લે છે. (નિયમ તો દરેક દર્દી માટે તેને સૂવડાવીને જ બ્લડ લેવાનો છે.)

એક મોટી ને બે નાની શીશી સડસડાટ કરતી ભરાઇ ગઇ છે એ કાર્ય પૂર્ણ કરી તરત જ યુરીનટેસ્ટની શીશી ઉપર પોતે જ નામ લખે છે માને હાથમાં આપે છે.

મા કંચનબહેન જોડે બાથરૂમ તરફ જવા ડગલા ભરે છે ત્યાં



તો ડૉક્ટર જાતે જ આગળ ઝડપથી ચાલીને દરવાજો ખોલીને લાઇટ પણ કરી આપીને પાછા પોતાની કેબીનમાં આવી જાય છે.

જાણે પોતાની સગી માતાની સેવા કરતા હોય એવો ભાવ એમના મુખમંડળ પર જણાતો હતો.

યુરીનની શીશી પણ ડૉક્ટર જ નર્સને આપે છે. અને પછી ડૉક્ટર કહે છે. હવે કાર્ડિયોગ્રામ લઇશું.

કાર્ડિયોગ્રામ માટે ૧ અલગ રૂમ હતો કંચનબહેન જોડે મા તે રૂમમાં જાય છે ત્યાં પેલા સહાયક બહેન નર્સ એ કાર્યવાહી પૂર્ણ કરે છે.

રીપોર્ટ ડૉક્ટરને તે બહાર પહોંચાડી દે છે.

મા જેવાં રૂમમાંથી બહાર નીકળ્યાં કે તરત જ ડૉક્ટર ખૂબ પ્રસન્ન બનીને બોલ્યા.

૧૯૯૩ થી આજ પરિણામ છે. દર વખતે કાર્ડિયોગ્રામ નોરમલ જ આવે છે. આ વખતે પણ સરસ છે.

મા એ સાંભળીને આનંદ અનુભવે છે. ડૉક્ટરની કેબીનમાં પાછા પેલી ખૂરશી પર બેઠક લે છે. શ્રીકંચનબેન ને ભગવાનજી પણ ઉભા. હવે અહીં ડૉક્ટર હાથ જોડી ઉભા છે.

ડૉક્ટરઃ—હવે મા મારે માટે જે ઉપદેશ હોય તે લખો.

જાણે હવે ચેકઅપનું કાર્ય પૂર્ણ કરી ડૉક્ટરનું ભક્ત હૃદય સત્સંગ માટે ઉત્સુક બન્યું છે.

માઃ—કેટલો સમય પ્રભુ માટે વધાર્યો?

ડૉઃ—તમે ગયા વખતે કહેલ ત્યારથી થોડું વધાર્યું છે. પહેલાં કરતાં સારું થાય છે.

સમય મળતો નથી એટલે વધુ થતું નથી. જો કે આ વર્ષથી

નવા દર્દીઓ લેવાના બંધ કર્યા છે. બુધ અને શનિવાર અર્ધો દિવસ જ દવાખાનું ખોલું છું.

બાળકોએ પણ કહ્યું મને સ્કોલરશીપ મળે છે તો હવે તમે પણ કામ ઓછું કરી નાંખો.

માઃ—બાળકો ડાહ્યા લાગે છે.

ડૉઃ—હા, મા બંને બાળકો નિયમિત પૂજા કરે છે બંને પદ્માસન પણ વાળવા પ્રયત્ન કરે છે. પુત્ર પદ્માસન વાળી શકે છે. દીકરીને હજી ફાવતું નથી.

હું પણ પદ્માસન વાળું છું. પણ અર્ધો કલાક જ વાળી શકું છું. વધતું નથી.

માઃ—સંગીત સાંભળતા સાંભળતા પદ્માસન વાળો. અથવા જે પુસ્તકમાં રસ પડે તે પુસ્તક વાંચવા બેસો ત્યારે પદ્માસન વાળો. ૐ ની કેસેટ સાંભળતા સાંભળતા પદ્માસન વાળો તો ઘણી મદદ મળશે.

અમે એક સેકન્ડ પદ્માસન વાળી શકતા ન હતા પ્રયત્ન એ રીતે જ કર્યો. પદ્માસનમાં સૂઇ જવાની પણ ટેવ પાડી હતી તો ઘણી મદદ મળે છે.

ડૉઃ—હું મંત્રગાન સાથે જ પદ્માસન કરું છું.

માઃ—સંગીતમાં મન જોડાય એટલે શરીરમાં મન ઓછું રહે ને દેહથી ઉપર ઊઠી શકાય. અભ્યાસથી વધશે.

ડૉક્ટરે મૌન રહીને સતત જાણે માની સ્લેટ ઉપર લખાતા અક્ષરો તરફ જ સમગ્ર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. એટલે મા આગળ લખે છે.

ઘરમાં ગુજરાતી બોલો છો!



ડૉઃ—ના, બંને બાળકોને ગુજરાતીના વર્ગો ભરાવેલા પણ અભ્યાસ છૂટી ગયો છે. પુત્ર મુંબઇ છ મહિના ઇન્ટર્નશીપ માટે જવા વિચારે છે તો ગુજરાતી આવડી જશે.

માઃ—આજકાલ શું વાંચો છો!

ડૉઃ—ભારત જઇ આવ્યો ત્યાંથી તિબેટના યોગીઓના જીવનકથાનાં જ પુસ્તકો લાવ્યો છું.

માઃ—મિલારેપાનું છે?

ડૉઃ—હા, પણ તે વાંચવાનું બાકી છે. દલાઇલામા ને બીજા યોગી પુરુષનું વાંચ્યું. તિબેટમાં તો નાનકડા છ વરસના બાળકોને આ માર્ગે આવવું હોય તો ૩ દિવસ એક જ જગ્યાએ બેસાડી રાખે ભોજન કે પાણી પણ ના આપે એવો ક્રમ છે. એ ગ્રંથોમાં કુંડલીનીશક્તિ ને સુષુમણા નાડી વિશે વિગતે ઉંડાણથી સમજ આપી છે.

માઃ—આ ધર્મગ્રંથોના વાંચનનો રસ માતાપિતા પાસેથી મળ્યો છે?

ડૉઃ—ના, એ રસ અહીં આવીને શરૂ થયો છે.

માઃ—આજે તમે આ શરીરમાંથી કેટલું બ્લડ લીધું?

ડૉઃ—૧૦ મીલીગ્રામ મોટી શીશીમાં ને નાની બે શીશીમાં ૫, ૫ મીલીગ્રામ કુલ ૨૦ મીલીગ્રામ બ્લડ ટેસ્ટ માટે લીધું છે.

માઃ—એટલું લોહી બનતાં કેટલી વાર લાગે?

ડૉઃ—એવી વાત અમારા કોઇ ગ્રંથમાં વાંચવામાં નથી આવી. પણ તમારા શરીરમાં તો તરત જ થઇ જાય.

માઃ—ખોરાક લીધા પછી કેટલા કલાકમાં લોહી બને?

ડૉઃ—એનો આધાર પાચનતંત્ર પર છે પણ ભોજન પછી બે અઢી કલાક તો સૂવું ના જોઇએ.

મા:—દરરોજ કેટલું ચાલવું જોઈએ જેથી આરોગ્ય સચવાય રહે?

ડૉ:—તમારે માટે થાકો ના ત્યાં સુધી ચાલવું.

મા:—અમે ૧ કલાક ચાલીએ છીએ દરરોજ ૨૨૫ પ્રણામ કરીએ છીએ.

ડૉ:—પુરતું છે. ચિંતા ન કરો. આપ આ ભગવાનજીને પણ કહી દો કે તમારી ચિંતા ન કરે. અમે તો તપાસનું કામ કરનારા.

મા:—અમારા પરિવારમાં ઘણા ડૉક્ટરો છે. પણ અમને આપ પાસે જ આ ચેકીંગ કરાવવું ગમે છે.

ડૉ:—એ તો મારું અહોભાગ્ય છે કે મને સેવાનો લાભ મળે છે.

હવે મા વિચારે છે કે આજે અમારે લીધે જ મોડું થયું છે બે વાગવાની તૈયારી છે. એટલે મા ઊભા થાય છે.

મા પૂ.શ્રીની અંગ્રેજી આત્મકથા ડૉક્ટરને ભેટ આપે છે તે પુસ્તક ડૉક્ટર પોતાના મસ્તકે લગાડે છે.

મા જવા ડગલા ભરે છે તો ડૉક્ટર હવે ફરી માના ચરણે નમી તે હાથ પોતાના મસ્તકે ચઢાવે છે ને જોડીને માની પાછળ ચાલે છે.

દવાખાનાના મુખ્ય દ્વાર સુધી વિદાય આપવા ડૉક્ટર આવે છે.

ડૉક્ટર છે કે ભક્તપુરુષ? દવાખાનું છે કે કોઈ મંદિર? નાના નાના દરેક વ્યવહારમાં કેવી નમ્રતા, સેવાની ભાવના, સંતો ઉપરની શ્રદ્ધાના દર્શન કરાવવા જ જાણે આ ડૉક્ટર વિદેશની ધરતી ઉપર વસી રહ્યા છે.



બીજે દિવસે ડૉક્ટરનો ફોન અચાનક આવે છે માને તો ક્ષણવાર ચિંતા થઈ ગઈ.

ડૉક્ટર કહે:—અરે ગઈકાલે મારે ઉતાવળ હતી એટલે એ પુસ્તક જોયું ન હતું આજે જોયું તો અંદર માએ ૧ કવર પણ મૂકેલું. મારાથી ના લેવાય.

શ્રી ભગવાનજી:—માનો એ તો નિયમ છે.

ડૉ:—તો ફક્ત ૧૧ રૂા. જ હોય.

શ્રી ભગવાનજી:—મા લખે છે કે ૧૧ રૂા. જ છે એમ માની પ્રસાદ સ્વીકારી લો.

ડૉ:—તો ૧૧ હું લઈશ ને બાકીની રકમ કોઈ સત્કર્મમાં વાપરીશ. સેવા કરવાની જ ભાવના છે.

આ નાનકડો પ્રસંગ પણ ભક્તસેવક તરીકેનું દર્શન જ કરાવનારો છે.

જે માણસે મૃત્યુ પહેલાં આત્મિક હુંને ઓળખી લીધો, અનુભવી લીધો, તેને માટે માનવસેવા સિવાય કોઈ કર્તવ્ય રહેતું નથી—તે જીવન્મુક્ત છે.

**—યોગેશ્વરજી**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# "Maa–The Giver, Sacrificer, and Unconditional Lover"

**Hemali Patel**

Jai Krupalu Maa.

Edwin Arlington Robinson once said, "Two kinds of gratitude. The sudden kind we feel for what we take, the larger kind we feel for what we give." when I hear this quote or ever come across it, I think about how Maa's life best exemplifies give, and give some more. With Maa, there is really only one kind of gratitude because even if she takes an offering from one of her children–She immediately gives the offering to another child–bhakta who has come to see her. With that thought in mind, Maa GAVE us the Van Sannidhi Parva. She organized it for us to move along in our spiritual journey, for us to find our inner strength, and for us to get back on track spirtually as many of us are caught up with school, our job, family, etc.

Along with Maa's giving comes the infinite sacrifices that we often overlook. Among the many sacrifices Maa made are, her living conditions and time for her children. Before I left for the shibir, I thought about the number of times Maa must have gone to Van Sannidhi Parva to make sure it was absolutely perfect for Prabhu and for all the devotees who would be attending. One of her many concerns for planning a perfect shibir was her childern's living arrangements and entertainment. When I arrived to Van Sannidhi Parva, my initial thought was that our living arrangements were a bit crowded. My thoughts soon changed...



Before arriving to the shibir, I heard that Maa would be staying in a trailer. I thought that it was going to be a larger, spacious trailer because it was for Pujya Maa. When I arrived and saw the trailer from the outside, I remember it looked relatively large. I prayed that I would be able to go inside and see what Maa's living area looked like. One right, Maa announced that everyone would be permitted. I was very excited to see where Maa was staying. Once I entered, I really realize how much Maa loved us. (All mother sacrifice for their children.) The trailer was extremely small. On average if you took 6–8 step, you were done touring her whole living

quarter. Maa's bathroom/shower was incredibly tiny. I still can't imagine how Maa shower without having any room to move your hands. Every morning 2 buckets of water would have to be brought to Maa's trailer. The water situation and the electricity going out are also well worth mentionig. Maa endured a lot in that trailer during the 10 days, but every time you'd see her–she'd have that same beautiful smile on her face. I feel Maa deserves a living arrangement far better than even a gold mansion or castle. Maa is jagadamba Maa. Maa is God. How can our God be living in a trailer so small with electrical–water problems? Maa, time and time again, teaches us to always look at the positive, smile, and accept mishaps or shortcomings. I realized after touring Maa's trailer, my initial thoughts of feeling it was overcrowded living in the big hall with many other ladies and girls–were unnecessary. I was living in luxury compared to the space that my best friend, my mother, my guru, God herself–Maa Sarveshwari was.

Maa, not only sacrificed her living arrangements for our happiness, but she gave all her



time to her children. In between Satsang Bethaks when Maa should be returing to her trailer to finish her niyams or break her 1 or 2 days of nirjala, Maa would stay in the hall and meet with devotees. After each Bethak, a line of devotees would automatically form in front of Maa. No matter who comes or goes or just wants to talk to Maa, Maa gives that devotee all the love, advice, or blessing they need. Even if Maa needs to take a piece of fruit during that time, she would sacrifice that for our happiness, for the smile on our face. There is truly no one like Maa–unconditionally loving, giving, and forever sacrificing for others.

Aside from all the giving and sacrificing Maa does, Maa knows just how to be the perfect entertainer–no matter what age, gender, or culture you are. For the first time, Maa's shibir had one white woman attending. Maa told her that her niyam would be a vow of silence and reading good books. I actually had the pleasure of speaking with her on a few occasions though. She really felt at peace beause of her vow of silence. Maa, being all–knowing, knew that was exactly the niyam that would help her at that mo-

ment in time. For the few young children who were present, Maa played dodge ball with them. Maa is aware that most children can not focus on praying for 5 hours straight– so dodge ball with Pujya Maa it was!

Maa's enthusiasm, running around, throwing a beach ball–were definitely a sight to see. I'll never forget Maa's young–at–heart nature. For the women present, Maa would always have time set aside for garba. Not only did she set aside time for it, she was present every time–for up to 2 hours at a time. Last but not least, Maa, made sure the men could enjoy playing vollyball in the beautiful weather. Maa encouraged the women also to play vollyball, which many of us willingly took part in. Maa, what can I say? we all love you for being you, for coming on this earth to guide us, motivate us, and we ask that you take us back to where we came from–Heaven.

Van Sannidhi Parva was located in New Hope, Pennsylvania. The shibir's gift from Maa was the town's name–New Hope. Each of the bhaktas or devotees who attended was to take home "New Hope" or revive their faith. Maa, honestly, you revive my faith every time I meet



you–whether through pranaam, yoga, answered prayers. Thank you for all that you do for not only me, but the whole world, universe–for only you could do all of this. I offer my endless pranaam to you–creator of all.

Martin Luther king. Jr. once said, "Life's most urgent question is: What are you doing for others?" When taking Mr. King's question into consideration, I realized Maa gives each of her children–EVERYTHING. Maa give us a complete first–aid SURVIVAL kit– alcohol  wipes (cleaning or forgiving our sins and leading us to the positive, clean, pure path), medication or lotion to apply (her teaching that teach us how to live not only a good spiritual life, but how to live life in general), bandaids (her powerful, nuturing words of encouragement and sympathy that coat anything negative or displeasing environment or situation), and of coursem a lollipop for each patient (her abundant–giving nature, her prashad that keeps us energized, smilling, and acts as a form of healing). Maa, our prayer is: remind us that your survival kit in our heart at all times–you are truly the only one that COMPLETES us.

# 'પ્રાર્થના સંભળાય છે'—એવી શ્રદ્ધાપ્રેરક નાનીશી ઘટના

**નારાયણ હ. જાની**

આ વર્ષે તા.૧૮ માર્ચ પછી અમે સ્વર્ગારોહણ અંબાજીથી ભાવનગર આવવા નીકળ્યા તે પહેલાં પૂ.માના દર્શન કરવાનું શક્ય બન્યું ન હતું. જો કે પૂ.માને ચિઠ્ઠી લખી હતી. પરંતુ તેનો જવાબ આવે ત્યાં સુધી રાહ જોઈ ન હતી. પરિણામે અમે તા.૨૧ મી માર્ચ સવારે સાત વાગે નીકળ્યા. બહેન ધરાની ગાડીમાં સવારે ૯ વાગે પૂ.માએ અમને મળવા સંદેશો મોકલ્યો પણ અમે તો નીકળી ગયેલા. આ વાતની અમને પાછળથી જાણ થઈ ત્યારે દુઃખ થયું. પરંતુ જે બની ગયું તે હવે ન બન્યું થાય એમ ન હતું.

આથી ભાવનગરમાં એપ્રિલ માસના અંકનું કામ પૂર્ણ કરી, ફરી જલ્દીથી અંબાજી જવાની ઇચ્છા થઈ. પરંતુ હવે ઉંમરને લીધે એકલા પ્રવાસ થઈ શકતો નથી એટલે સથવારો શોધવો પડે. પરંતુ એ અનુભવ્યું કે જ્યારે કોઈપણ વાતમાં પ્રભુની ઇચ્છા હોય, તો બધું સહજ રીતે ગોઠવાઈ જતું હોય છે. આ વાતમાં પણ એમ જ થયું.

એક સાધક બહેનનો સથવારો સામેથી મળી ગયો. ને અમારા સુરત રહેતા દીકરાનું તે દિવસે જ અંબાજી જવાનું ગોઠવાયાની જાણ થઈ. આમ ભાવનગરથી અમદાવાદ ને અમદાવાદથી અંબાજી સુખરૂપ પહોંચી જવાયું. તે દિવસ હતો ૩



એપ્રિલ, ૨૦૧૧ નો. બીજા જ દિવસથી ચૈત્રી નવરાત્રિ શરૂ થતી હતી. પૂ.માના સાન્નિધ્યમાં અને તે પણ અંબાજી જેવી શક્તિપીઠમાં નવરાત્રિ કરવાનો આ માસે પહેલો પ્રસંગ હતો. શાળાઓમાં પરીક્ષાઓનો સમય ચાલુ હોવાથી સાધકોની ખાસ ભીડ ન હતી. જો કે નોંધવું પડે કે ભાઈઓ કરતાં બહેનોની સંખ્યા લગભગ બમણી હતી. કુલ સાધકો સાઈઠેક જેટલા હતા.

ઘણાં બધાં બહેનોએ વ્રત રાખ્યું હતું. કેટલાક કેવળ ફરાળ, ફળ—દૂધ પર હતાં, તો કેટલાક એકવાર ભોજન લેતાં. અમે આવું કોઈ વ્રત રાખ્યું ન હતું, પરંતુ ઘણા દિવસ રાત્રિ ભોજનમાં એકાદ ફળ ને દૂધ લેતા. દિવસના ભોજનમાં પણ પ્રમાણ ઓછું રાખેલું.

એક વાત સાચી કે આ વખતે પૂ. માના સાન્નિધ્યમાં આધ્યાત્મિક ક્ષેત્રે થોડો ઝડપી વિકાસ થાય તે માટે મનમાં પ્રાર્થના ચાલ્યા કરતી. રાત્રે મોડા સુવાની ટેવ નહીં, પરંતુ સવારે વહેલા ઊઠવાની ઘરની આદત અહીં સારી કામ લાગી ગઈ. એટલે સવારે સાડાત્રણથી ચારની વચ્ચે ઊઠી જવાતું. ત્યારે વાતા-વરણમાં ખૂબ શાન્તિ હોય. સાધકોની ચહલપહલ ન હોય તેમજ દિવસની ગરમીને બદલે ખુશનુમા ઠંડક પ્રવર્તતી હોય. આમ આ બ્રાહ્મમુહૂર્તનો સમય અહીં અમને ખૂબ અનુકૂળ રહેતો. પ્રભુસ્મરણ, કુટિયાની પ્રદક્ષિણા ને ધ્યાન માટે.

અમે ઘણાં વર્ષોથી ઘરે પણ ધ્યાન કરતા ને હજી કરીએ છીએ. પૂ.ગુરુદેવ પ્રભુએ ધ્યાનની જે વ્યાખ્યા આપી છે તે સાચે જ સરળ અને ઉત્તમ છે. પૂ.શ્રીએ કહ્યું છે કે ધ્યાન એ મનને શાંત કરવાની પ્રક્રિયા છે. પરંતુ મન શાંત ત્યારે જ થાય જ્યારે

તેમાં સંકલ્પ વિકલ્પના પરપોટા ના ઊઠે અથવા તો તમારા મનનું તમારામાં રહેલી આધ્યાત્મિક ચેતના સાથેનું જોડાણ–વ્યક્તિગત ચેતનાનું સમષ્ટીગત ચેતનામાં સંમિલન. મૂળવાત આટલી જ કે તમારું જે મન સતત શરીર અને સાંસારિક પ્રવૃત્તિઓ સાથે જ જોડાયેલું રહે છે, તેને ત્યાંથી છૂટું પાડી, કોઇ ગુરુમાં, કોઇ પ્રભુના સ્વરૂપમાં અગર તો તમારી પોતાની આત્મિક ચેતનામાં જોડો.

આ માટેનો અમારો પુરુષાર્થ ચાલુ જ હતો ને હજીયે છે. પરંતુ તેમાં વિશેષ પ્રગતિ જણાતી નહીં. કારણ કે ધ્યાનના પરિણામે દેહાધ્યાસ સંપૂર્ણપણે છૂટી જવો જોઇએ, શરીર, સ્થળ અને કાળનું ભાન ભૂલાવું જોઇએ. તે સ્થિતિ માટે મથામણ ચાલ્યા કરતી, પણ તે અવસ્થા પ્રાપ્ત થતી નહીં. છેવટે એવું લાગતું કે આ અવસ્થા પ્રાપ્તિ પુરુષાર્થ સાધ્ય નથી, કૃપાસાધ્ય છે. કિન્તુ પુરુષાર્થ કર્યા સિવાય પ્રભુકૃપાનું દ્વાર ઉઘડતું નથી તે પણ એટલું જ સાચું છે. એટલે પૂ.શ્રીની દોરવણી પ્રમાણે પુરુષાર્થ તો થતો રહેતો, તેમાં પ્રાર્થનાનો સહારો પણ લેવાતો રહેતો આ દિવસો દરમ્યાન પણ અમે પહેલાં પ્રાર્થના પછી ધ્યાનમાં બેસતા. આમ નવરાત્રિના ચારેક દિવસ પસાર થઇ ગયા. તા. ૮ મી એપ્રિલે અમને નવો વિચાર આવ્યો. આજે કુટિયામાં ધ્યાનમાં બેસતાં પહેલાં કુટિયા બહાર પૂ.માનું જે સ્વરૂપ છે, તેને જ પ્રત્યક્ષ માની તેની સમક્ષ જે અપેક્ષાઓ છે તે રજૂ કરવી. અમારી બે અપેક્ષાઓ હતી. એક દેહાતીત અવસ્થામાં પ્રવેશ અને બીજી પૂ.માની પ્રત્યક્ષ મુલાકાત, કારણ કે પ્રયત્નો છતાં પૂ.માની પ્રત્યક્ષ મુલાકાત અમે પામી શક્યા ન હતા.



તે દિવસે લગભગ ચારના સુમારે થોડી પ્રદક્ષિણાઓ કરી પૂ.શ્રીને ૨૧ જેટલા પ્રણામ કર્યા પછી કુટિયામાં એક બાજુ ધ્યાનમાં બેઠા. તે સમયે કુટિયામાં અમે એકલા જ હતા. કોઇ સાધક ભાઇબહેનો હજી ઊઠી અહીં આવ્યા ન હતાં. વાતાવરણ ખૂબ જ શાંત હતું. અમારું મન પણ એવું જ પ્રભુકૃપા માટે ઉત્સુક ને શાંત હતું.

પ્રભુકૃપા માટેની પ્રાર્થના કરતાં કરતાં, ઉત્કટતા વધતાં આંખમાંથી આંસુઓની ધાર ચાલું થઇ અને એ ભાવાવસ્થામાં મન એવું તો ડૂબી ગયું કે સ્થળ અને કાળનો કોઇ ખ્યાલ ન રહ્યો. પાંચ વાગ્યાના ટકોરા પણ ન સંભળાયા ને દેહભાન ધીરેધીરે આવતા ઘડિયાળમાં જોયું તો સાડાપાંચ થઇ ગયેલા. અરે, કલાક જેટલો સમય કયાં પસાર થઇ ગયો. કોઇ ખબર જ ન પડી. આજુ બાજુ થોડાં સાધક બહેનો આવીને બેસી ગયેલા તો કેટલાક પ્રણામ કરતા હતા તો કેટલાક પ્રદક્ષિણા.

આવો સરસ અનુભવ પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપ પૂ.મા પ્રભુએ આપ્યો, તે બદલ અંતરથી તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો. ઘણા બધા દિવસોની ગડમથલ પછી ચિત્તની એ શાંત અવસ્થા ખૂબ જ ટાઢક લાવનારી બની રહી. પ્રભુને તેમજ પૂ.માને થેંક્યું કહી અમે રૂમ ઉપર આવી સ્નાન કરી લીધું, કારણ વહેલી સવારે અમે હાથ મોં ધોઇને જ કુટિયામાં ધ્યાનમાં બેસવા જતા.

સાડા છ વાગ્યાના સુમારે અમે થોડો આરામ કરવા આડા પડ્યા હતા, ત્યાં બે ભાઇઓએ આવી સૂચના સંભળાવી કે પૂ.માએ આજે દસ વાગે તમને મળવા બોલાવ્યા છે એ સાંભળતાં જ અમે પલંગમાં ઉછળી પડ્યા, ''અરે મા, તમે

આટલી જલ્દી અમારી સવારની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપી દીધો. આવી તો કોઇ કલ્પના જ નહીં!''

સાધકોની એ શ્રદ્ધા કે પૂ.માના સ્વરૂપ આગળ કરેલી પ્રાર્થના જરૂરથી સંભળાય છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ પૂ.માએ અમને તે દિવસે કરાવી.

દસ વાગે સૂચવ્યા પ્રમાણે તેઓના આવાસમાં પ્રત્યક્ષ મુલાકાત પણ આપી. તે મુલાકાતમાં અધ્યાત્મ માસિકના સંચાલન અને અમારી સાધનાત્મક મથામણોની વાતો પૂ.મા આગળ કરી, પૂ.માનું માર્ગદર્શન મળતાં સંતોષ થયો.

જડ જણાતી પ્રતિમાઓ કે સ્વરૂપો પણ જડ નથી, તેની પ્રતીતિ અમને પ્રભુકૃપાથી આ ઘટનાથી થઇ. આ નાની સરખી ઘટના પણ સાધકોને પ્રેરણાસ્પદ બને તે ભાવથી જ એનું આલેખન કર્યું છે, એમાં અમારી પાત્રતા કે યોગ્યતા કરતાં પૂ.મા પ્રભુની કરુણા કામ કરી ગઇ છે, એમ જોવા વિનંતી છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા

**સ્વામી રામદાસ**

## ઈશ્વરને પ્રેમ કરવાની રીત

**પ્રશ્નઃ** કેવી રીતે ઈશ્વરને પ્રેમ કરવો, તે કૃપા કરી કહેશો?

**રામદાસઃ** ખરું પૂછો તો આપણે ઈશ્વરને પ્રેમ કરવાનો નથી હોતો. પરંતુ ઈશ્વર જે સ્વયં પ્રેમસ્વરૂપ છે તે આપણા હૃદયમાં બિરાજે છે તે જાણવું જોઇએ. આપણામાં વસેલા વિરાટ પ્રેમને શરણે જવાથી આપણે પોતે પ્રેમ–સ્વરૂપ બની જઇએ છીએ. આ પ્રમાણેનું સતત સ્મરણ અને ધ્યાન રહેવાથી આપણા અંતરમાં ઈશ્વર વસે છે તેની પ્રતીતિ થાય છે અને આપણું જીવન વિશુદ્ધ બની તેના દિવ્ય તેજ અને પ્રેમથી પ્રકાશિત થાય છે. પછી તો કેવળ પ્રેમ આપણામાંથી નીતરે છે, આપણી દૃષ્ટિ પ્રેમમય બને છે, આપણી વાતોમાં તેમ જ આપણે કોઇને કાંઇ આપીએ તેમાં પ્રેમ ભરેલો હોય છે; આપણી દૃષ્ટિ, આપણી વાતો, આપણું આપવું, લેવું, ચાલવું અને જીવનનાં સર્વ કાર્ય કેવળ પ્રેમ અને પ્રેમ જ હોય છે. વસ્તુતઃ આપણે સાક્ષાત્ પ્રેમની મૂર્તિ સમા બની જઇએ છીએ.

**પ્રશ્નઃ** ગુરુ એ ઈશ્વર છે, એમ આપ માનો છો?

**રામદાસઃ** ''ગુરુ'' શબ્દનો અર્થ ''અંધકાર દૂર કરનાર'' અગર તો ''પ્રકાશ આપનાર'' એવો છે. જીવાત્માનો અંધકારમાંથી ઉદ્ધાર કરી તેને પ્રકાશમાં આણવા ગુરુ આ જગતમાં ઈશ્વરનું મૂર્તિમંત સ્વરૂપ છે. મનુષ્યને જાગૃત કરનાર અને બચાવનાર ગુરુ છે.

**પ્રશ્નઃ** યુરોપના અત્યંત પ્રવૃત્તિમય અને ગૂંચાએલા જીવનમાં એક યુરોપિઅન બની શકે તેટલી સારી રીતે જપયોગની સાધના કેવી રીતે કરી શકે?

**રામદાસઃ** આપણે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીએ તો બધું બની શકે, કારણકે આધ્યાત્મિક જીવન માટે તો દુનિયાના બીજા દેશોમાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે લગભગ તેવી જ સ્થિતિ ઓછાવત્તા પ્રમાણમાં બીજા બધા દેશોમાં પણ રહેલી છે. એક આપણા મન સિવાય બીજી કોઈ પણ બહારની પરિસ્થિતિ આપણને ઈશ્વર પ્રાપ્તિના પ્રયત્નમાં રોકી શકે તેમ નથી.

### અંતરમાં ઈશ્વરની પૂજા કરો

**પ્રશ્નઃ** સ્વામીજી! આજ સુધી તો હું ઈશ્વર કે ધર્મમાં માનતો નહોતો, પરંતુ હવે હું તેમાં માનતો થયો છું. છતાં હું કોઈ દેવળ કે ધર્મનો અનુયાયી બન્યો નથી. એટલે મારાથી કોઈ દેવળમાં જઈ શકાય નહીં.

**રામદાસઃ** દેવળમાં જઈ શકાય તેમ ના હોય તો ત્યાં જવું જ જોઈએ. એવું કાંઈ આવશ્યક નથી. ઈશ્વર તમારા અંતરમાં બિરાજમાન છે. ત્યાં તેનું પૂજન કરો. જ્યારે અંતરમાં અને સર્વત્ર ઈશ્વર તમને જણાય ત્યારે આખું બ્રહ્માંડ તેનાથી વ્યાપક છે એમ અનુભવાશે અને પછી તો પ્રત્યેક કાળ તેનું જ પૂજન અને તેવી જ સેવા થશે.

**પ્રશ્નઃ** તો શું ઈશ્વરે સૌની ઈચ્છાને અનુકૂળ થવાનું છે?

**રામદાસઃ** પ્રત્યેક ઘડીએ બદલાતું મનુષ્યનું મન જગતની કોઈ પણ પાર્થિવ વસ્તુથી સ્થાપી સંતોષ પામી શકાતું નથી. એક સમયે પ્રિય લાગતી વસ્તુ બીજી ઘડીએ અપ્રિય લાગે છે, હમણાં જે વસ્તુની જરૂર લાગે છે તે જ વસ્તુ થોડા સમય પછી આવશ્યક



લાગે છે. આથી મનુષ્ય પાસે સર્વદા સુખી થવાનો એક જ માર્ગ છે કે ઈશ્વર તેને જે સ્થિતિમાં મૂકે તેમાં જ સંતોષ માની બધું તેના ઉપર છોડી તેની ઇચ્છાને આધીન થઈ જીવન વ્યતીત કરવું, સંજોગો બદલવાથી આપણે સાચું સુખ મેળવી શકતા નથી.

**પ્રશ્નઃ** એનો અર્થ એ થાય છે કે આપણી અંદરનું દૃષ્ટિ બિંદુ બદલવું જોઈએ ખરું ને?

**રામદાસઃ** ખરેખર! તેની જ ખાસ આવશ્યકતા છે. આપણે સૌ જોઈએ છીએ કે જે કાંઈ બને છે તે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે બને છે તેને આધીન રહેવા સિવાય બીજો માર્ગ જ નથી. કેને આધીન રહેવું એટલે અંતરમાં સંતોષ અને શાંતિને સ્થાપવી.

**પ્રશ્નઃ** અમારે ઈશ્વરની પ્રાર્થના કરવી જોઈએ?

**રામદાસઃ** હા, આપણે બધાએ પ્રાર્થના કરવી જોઈએ, અને તે માટે પ્રાર્થના એ એક જ દ્વારા આપણે ઈશ્વર સાથે સંપર્ક રાખી શકીએ છીએ. તેની ચેતના શક્તિ, દિવ્ય પ્રકાશ, મહિમા, નિર્મળતા, પ્રાર્થના દ્વારા, આપણી તરફ વહેતાં કરી શકાય છે.

### સૌથી અગત્યની વસ્તુ

**પ્રશ્નઃ** ઈશ્વરપ્રાપ્તિના માર્ગે વિશેષ આવશ્યક શું?

**રામદાસઃ** જીવાત્માને પરમાત્મા પ્રત્યે લઈ જનાર માર્ગ વિષે રામદાસ કહેશે. તેમાં સૌથી પ્રથમ આવશ્યકતા તે ઈશ્વરનો અનુગ્રહ છે. તેના અનુગ્રહથી જ ઈશ્વર—પ્રાપ્તિની વૃત્તિ આપણામાં જાગે છે. ઈશ્વર—પ્રાપ્તિની વૃત્તિ ઉદ્ભવ્યાથી તેનું સતત સ્મરણ થાય છે. અને તેના સતત સ્મરણથી તેનું દર્શન અને તેનો અનુભવ પ્રાપ્ત થાય છે. આ અનુભવ ઈશ્વર માટે સંપૂર્ણ પ્રેમ આણે છે અને આ દ્વારા આપણા પ્યારા પ્રભુ અંદર,

બહાર અને સર્વત્ર દેખાય છે. આ અંતિમ કક્ષાએ જીવાત્મા તેના ધ્યેયને પહોંચી સંપૂર્ણ શાંતિ, આનંદ અને મુક્તિ અનુભવે છે.

**પ્રશ્નઃ** બુદ્ધ ભગવાનની પરમ દશા અને ઈશુ ખ્રિસ્તની પરમ દશામાં ફેર ખરો?

**રામદાસઃ** કેવળ ઉભયના નામમાં જ ભિન્નતા છે એ સિવાય બીજી કોઈ ભિન્નતા રામદાસને જણાતી નથી. એક દશા બુદ્ધ—ચેતના કહેવાય છે, જ્યારે બીજી દશા ખ્રિસ્ત—ચેતના કહેવાય છે. બુદ્ધ અને ઈશુ એવી મહાન વિભૂતિઓ છે જેમણે મનુષ્ય જાતિને તે પરમ દશાએ કેમ પહોંચવું તે બતાવવા જગતમાં અવતાર લીધો હતો; અને તે પરમ સ્થિતિમાં ઉભયનો એક જ અનુભવ હતો.

**પ્રશ્નઃ** મતાગ્રહો એ સાચી આધ્યાત્મિકતાની વિરોધી કહેવાય કે નહીં? હું ધાર્મિક રૂઢિઓ, વિધિઓ અને સાંપ્રદાયિક માન્યતાઓ વિષે વાત કરું છું.

**રામદાસઃ** આધ્યાત્મિક માર્ગે તે ઉપયોગી થતાં હોય તો ભલેને તે કરતા રહેવું. પરંતુ તેમ ના થાય તો તેનો ત્યાગ કરવો. શાસ્ત્રમાં જે જે વિહિત કર્મો લખ્યાં છે, તે આપણને ઈશ્વર તરફ લઈ જઈ આપણું જીવન પવિત્ર બનાવી ઈશ્વરની પ્રતિભા આપણામાં ઊતરી પ્રતિબિંબ થતી હોય તો તે કરવાં. આપણી સૌ સાધના માત્ર દેખાવ પૂરતી ન હોવી જોઈએ. તેની પ્રાપ્તિ માટે અંતરમાં ખરેખરી તાલાવેલી હોવી જોઈએ.

**પ્રશ્નઃ** જીવાત્માનો જન્મ થયો હતો અને તેને ઈશ્વરે પેદા કર્યો હતો, એમ કહેવું સાચું છે કે વાસ્તવિક રીતે જીવ અજન્મા અને નિત્ય છે?



**રામદાસઃ** એ પરમાત્મા છે. અર્થાત્ તેની સદા હસ્તી છે અને તેનો જન્મ થતો નથી.

### સંતો અને અવતારો

**પ્રશ્નઃ** ઈશ્વરનો સાક્ષાત્કાર પામેલા સંતો અને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરનાર ઈશ્વર વચ્ચે શો ફેર છે?

**રામદાસઃ** અજ્ઞાન અવસ્થામાંથી આરંભ કરી સાધના કરતાં કરતાં ઈશ્વરપ્રાપ્તિના માર્ગે મનુષ્યો વળે છે અને તેનો સાક્ષાત્કાર કરીને સંત બને છે; પરંતુ ઈશ્વર મનુષ્ય યોનિમાં અવતાર લે છે ત્યારે તેને અજ્ઞાન અવસ્થાનાં કોઈ આવરણ ન હોવાથી જ્ઞાનપ્રાપ્તિ માટે કોઈ સાધના કરવાની હોતી નથી.

**પ્રશ્નઃ** આપણે કોઈના તરફ પ્રેમ કરીએ ત્યારે તે વ્યક્તિમાં પરિવર્તન થાય એવી ભાવના રાખવી જોઈએ કે પછી કોઈ પણ પ્રકારની અપેક્ષા રહિત જ પ્રેમ કરવો?

**રામદાસઃ** કેવળ પ્રેમ ખાતર જ પ્રેમ કરવો જોઈએ.

**પ્રશ્નઃ** અમારામાં એક કેથલિક સંત હતા. તે જ્યારે પણ કોઈ ખરાબ કૃત્ય કરવા પ્રેરાય ત્યારે ઈશ્વરને ઠપકો આપે અને તે ઉપરથી બધો વાંક તેનો કાઢે.

**રામદાસઃ** ઈશ્વર માટે તેનો કેટલો બધો પ્રેમ છે અને તે કટેલી હદ સુધી ઈશ્વર—આધીન છે તે આ ઉપરથી જણાય છે. સૌથી પ્રથમ તો તેને ખાતરી હોય છે કે એક ઈશ્વર છે જે આપણું રક્ષણ કરી શકે છે અને આ પ્રમાણેના ભરોંસા પછી તો તે ઈશ્વરને ઠપકો આપી કહે છે, ''હે ભગવાન! તેં મને યોગ્ય માર્ગે ન વાળ્યો અને કુમાર્ગે કેમ જવા દીધો?''

# મૂરખનો રાય

મહારાજશ્રી નથુરામશર્મા

દોહરા

ભણવાની વાતો કરે, યાદ ન કરે જરાય;
આળસમાં દિન નિર્ગમે, તે મૂરખનો રાય. ૧
જઠરા–બલ જોવે નહિ, જે આવે તે ખાય;
જીવિતભર માંદો રહે, તે મૂરખનો રાય. ૨
ઠગને પૈસા ધીરીને, ધન મેળવવા ચા'ય;
મૂડી ગુમાવે ગાંઠની, તે મૂરખનો રાય. ૩
પ્રતિષ્ઠાની ઇચ્છા કરે, ન કરે શુભ જરાય;
નિંદામાં શૂરો બને, તે મૂરખનો રાય. ૪
નિજ બલને જાણ્યા વિના, જે તે કરવા ધાય;
એકે પૂરું નવ કરે, તે મૂરખનો રાય. ૫
તરુની ડાળે બેસીને, થડમાં મારે ઘાય;
પોતાનું જીવન ખૂએ, તે મૂરખનો રાય. ૬
ભેદ બાર[1] કમાડનો, જાણે નહિ જરાય;
ડોળે ડા'પણ સૌકને, તે મૂરખનો રાય. ૭
એક અંક સમજે નહિ, પંડિતપાસે જાય;
શીખામણ દે તેમને, તે મૂરખનો રાય. ૮

**(શ્રીનાથ કાવ્ય ભાગ–૨ માંથી)**

૧. છ ને છ બારનો ને ઘરના બારનો–બારણાંનો.



# પ્રગટ્યું નવલું પ્રભાત

(ગતાંકથી શરૂ) –ડૉ. બી. જે. જાગાણી

૧૯૮૧માં પૂ.શ્રીએ પ્રવચનો કેનેડામાં આપેલા. સંગ્રહિત પ્રવચનોમાંથી 'ભક્તિ' પરનાં અગિયારમા પ્રવચનને 'પૂ.શ્રીની અમૃતવાણી' સ્વરૂપે પૂ.શ્રી 'મા' ડી.વી.ડી.ના માધ્યમથી સંભળાવે છે. ભક્તોનું માત્રને માત્ર શ્રેય જ પૂ.શ્રીમાને મન પ્રધાન રહે છે. એ અમૃતવાણીનો સાર આ રહ્યો.

★ નોકરી કરો, દુકાન પર જાઓ, બે જણે કામ કરવું જ પડે. પૂરતો ભોગ આપો તો પછી શક્તિ મળે. તે રીતે જપ, તપ, નિયમો પાળો તો ભક્તિ થાય.

★ દરેક લાઇનમાં ભોગ આપવો પડે. પછી જ કંઈક મળે. ભગવાન કહે છે કે ચિત્ત મારી સાથે નિરંતર જોડાયેલું રહે ત્યારે હું તેનું ધ્યાન રાખું છું.

★ મંત્ર લીધો એટલે શ્વાસેશ્વાસે જપો. પ્રાર્થના કર્યા જ કરો. નિત્ય નિરંતર જપ કર્યા જ કરો. ડ્યુટિ પર જવા મોટરમાં જતા હો ત્યારે પણ જપ કર્યા જ કરો.

★ તમારે જપ કરવા હોય તો કોઇ ના રોકી શકે. પ્રેમ હોય, રસ હોય તો થાય. સમય નથી એ ખોટી વાત. સમય શોધી કાઢવો. ઉંઘમાં કાપ મૂકો ભક્તો પોતાનો સમગ્ર સમય ભગવાનને માટે કાઢે છે.

★ અમે નવરા નથી રહેતા. અમે ભગવાનની જોબ કરીએ છીએ. અખંડ કામ કરતા હોઇએ છીએ. On duty, on guard છીએ. ચોવીસ કલાક ભગવાનનું કામ કરીએ છીએ.

શનિ–રવિ રજા નથી હોતી. સાંસારિક કામ નથી કરતા એટલે કશુંય કરતા નથી છતાંય પગાર આપે એવો કોઇ શેઠ છે? ભગવાન અનન્ય ભક્તનું ધ્યાન રાખે છે. ભક્ત મારું ચિંતન કરે છે હું તેની ચિંતા કરું છું. આપણામાં આવો વિશ્વાસ જોઇએ. મદદ મળે છે. પરમાત્મા ધ્યાન રાખે છે.

પ્રભુની મસ્તી, પ્રેમની મસ્તીનું પદ પૂ. શ્રી ગાય છે ને ગવરાવે છે.

પ્રભુપ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં,
પ્રેમ પાવો વાગી ગયો મારા પ્રાણમાં.
નામના જપમાં જોડાયું ચિત્તડું,
જૂનું સંભળાયું સૂરતાનું ગીતડું.
હંસલો લાગી ગયો એના ધ્યાનમાં–પ્રેમ પાવો.
રોમ રોમ રંગાયા રંગભીના રાગથી,
આતમ અંજાયો અનેરા અનુરાગથી,
ચિત્તડું લાગી ગયું એના તાનમાં–પ્રેમ પાવો.
બંધન તૂટી ગયાં સર્વ છેવટે,
ક્રંદન છૂટી ગયાં ભવના તટે,
હંસલો લાગી ગયો એના ધ્યાનમાં.
આતમ ડૂબી ગયો અનુરાગમાં–પ્રેમ પાવો.

નૂતનવર્ષના દિવસની બપોરની બેઠક પૂર્ણ થઇ. સૌ મિષ્ટ ભોજનના રસમાં ડૂબી ગયા ને ફરી બપોરની ૩ ની બેઠકમાં પૂ.શ્રી માની સંનિધિ માણવા, જીવનને સજાવવા સૌ તૈયાર થઇ ગયા.

પૂ.શ્રીમાની તા.૫–૭–૨૦૧૦ ની વનવિશ્રામની ડાયરીનું વાચન જયુબહેન કરે. પૂ.શ્રીમાએ રચેલું ડાયરીમાં છે. જે પદ છે



તે જયુબહેનના મધુર કંઠે ગવાયું. પૂ.શ્રી પાસે પૂ.શ્રીમા સીધા કેવી રીતે આવ્યાં ને કેવી રીતે પૂ.શ્રીએ સ્વીકાર્યા તેનું વર્ણન પદદ્વારા આલેખાયું છે. પૂ.શ્રીમા બીજા પાંચ ગુરુની જંજાળમાં ના ફસાયા, સીધા જ પૂ.શ્રી પાસે આવ્યા. કહો કે, પૂ.શ્રી લાવ્યા.

સીધે સીધા સન્મુખ લાવ્યા,
કાયમ કાજ અમે તો ફાવ્યા–સીધે સીધા.
યુવાનીમાં અમને તો જગાડ્યાં,
કાદવમાં કદી ના ખરડાવ્યાં–સીધે સીધા.
હસતાં રમતાં ગુરુઘેર લાવ્યાં,
હળવે હળવે અમને તાવ્યાં,
અંકે લઇ હરિગુણ ગવડાવ્યા,
નિજ સ્વરૂપમાં અમને રમાડ્યાં–સીધે સીધા.
ગુરુ ભગવંતે પૂરા પકડયાં,
કૃપા થકી ક્યાંયે ના છટક્યાં,
સર્વેશ્વરીએ એને વધાવ્યા,
જન્મોજનમના સ્વામી બનાવ્યા–સીધે સીધા.

પૂ.શ્રીમા લખે છે કે "ગુરુ આપણને પકડે તો જ આપણે ટકી જઇએ. એની કૃપા હોય તો જ ક્યાંયે છટકવા ના દે. નહીં તો આપણે તો આપણો વાડો મૂકીને બીજાના વાડામાં ચરવાના સ્વભાવવાળા છીએ એટલે ત્યાં ચાલ્યા જઇએ."

પ્રકૃતિનાં વર્ણનમાં પૂ.શ્રીમાની કલમ મસ્ત બની છે. આ રોચક, પ્રેરક ને આહ્‌લાદક વર્ણન અહીં તો કેટલું થાય? એ માટે તો પૂ.શ્રીમાની સંનિધિમાં પૂ.શ્રીમાની ડાયરી વંચાતી હોય ને સૌ મૂક બની ગયા હોય તે દશ્ય પણ અવર્ણનીય હોય છે. એ

ત્રિવિધ ફળ માટે તો સ્વર્ગારોહણ આવવું પડે, સંનિધિ માણવી પડે, સન્મુખ થવું પડે. અહીં તો એ પરમ વિભૂતિના જીવનરસના અમૃતબિંદુઓ પીરસવા પ્રયત્ન કર્યો છે.

આજે પ્રભાતથી જ ૨૫ બાવનીનાં પુષ્પો પૂ.શ્રીના ચરણે ધરવા સૌ મસ્ત બન્યા છે. બાકીની બાવની ૫:૧૫ કલાકે પૂર્ણ થાય છે. સૌને ખૂબ આનંદ છે. રાત્રે દીપ પ્રગટાવીને આરતી થાય છે. રાત્રીની બેઠકમાં નાનાં નાનાં બાળકો પૂ.શ્રીમાની સમક્ષ અભિનય સાથે કૃતિઓ રજૂ કરે છે ને પ્રેરણા પામે છે.

સૌ પ્રથમ જાગૃતિબહેન પ્રાર્થના રજૂ કરે છે. ત્યારબાદ મોક્ષા–શ્રેયા શ્રી ગણેશની સ્તુતિ રજૂ કરે છે. નાનાં નાનાં બાળકોનું વૃંદ વળી અમે ૐ મા બોલીએ, તાળી દઈને રમીએ કૃતિ નૃત્ય સાથે રજૂ કરે છે.

''હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા,
પ્રેમે પાથરણાં પાથર્યા રે ''

આ પદ પર મોટી ઉંમરની બહેનોએ એક ગરબો રજુ કર્યો. ઉંમર એવી છે કે શરમ થાય પણ મનમાં એમ થાય કે પૂ.શ્રીમાની સંનિધિમાં આવો રાસ લઈ લેવો, અભિવ્યક્ત થઈ જવું, અરે! અમે આવ્યાં છીએ તેની નોંધ પૂ.શ્રીમાના સ્વહસ્તે પ્રસાદ મેળવીને કરાવી લેવી એવી ભાવનાએ ઉંમર, કુળ, લજ્જા, હોદ્દાનો સહજ ત્યાગ કરાવ્યો છે. સાચે જ સૌ એકરસ થયાં છે. આ પદ પૂ.શ્રીમાએ રચેલું છે. એ પદ પર રાસ રજૂ થાય છે. એ પદના રચયિતા પણ એ પદનો મહિમા સ્લેટ પર લખીને ભક્તોને વિશેષ પ્રેરણા આપે છે.

મા : ૧૯૭૨–૭૩થી અમે દર વેકેશનમાં પૂ.મોટાના હરિ ૐ આશ્રમમાં મૌનમાં બેસતાં. ઓરડામાં આપણે ૭ દિવસ



અકેલા જ હોઈએ. બહારથી તાળું મારી દે. એક હીંચકો હોય તે જ રાત્રે પલંગ તરીકે ચાલે. એ હીંચકા પર દરરોજ ધોયેલી ચાદર પાથરવાનો નિયમ હતો. નાનકડી બારીમાંથી એ લોકો ચાદર મૂકી જાય. એ પાથરતાં પાથરતાં પદ લખેલું. જે જે પદો પ્રાર્થનારૂપે લખાય તેના તેના પ્રત્યુત્તરો મોડા વહેલા મળ્યા જ છે. એટલે દરેક પ્રાર્થના પ્રભુદ્વારેથી પ્રત્યુત્તર લઈને ફરી છે. કોઈ પણ પદ લખાય એટલે આખો દિવસ તે જ પદ ગાયા કરવાનું બનતું. તે દિવસે કલ્પના પણ ન હતી કે પૂ.શ્રી સાથે રહેવાનું બનશે કે સ્વર્ગારોહણનું સર્જન થશે. એ કલ્પના પણ ન હતી કે એ પદ ગરબામાં બહેનો રજૂ કરશે. ઘણાં બધાં વરસો પહેલાં ''બંધ બાંરણે'' પદ એકલાં એકલાં નર્તન કરીને સતત વધાવતાં રહેતાં. સાધનાની એ મસ્તી હતી.

''જયુબહેનને મા પ્રિય છે એટલે માના પદો ખૂબ સરસ રીતે સંગીતમાં મઢી દે છે. આજે સરસ રીતે ગરબે ઘૂમ્યા ત્યારે હરિ ૐ આશ્રમના મૌનખંડની સ્મૃતિ તાજી થઈ.''

''આ આપણા સૌનો એક જ મંચ છે. સૌ પ્રેમથી, સંપથી, શ્રદ્ધાભક્તિથી સ્વર્ગારોહણમાં દોડતાં આવતાં રહે છે. માને એકલું ન લાગે તેની સતત સંભાળ લેતાં રહો છો. મધરાતે પણ એવું લાગે કે ઠરવાનું ઠામ નથી તો નિશ્ચિત માનજો કે સ્વર્ગારોહણનો દરવાજો તમારા માટે હંમેશા ખુલ્લો છે. અહીં જે ખાસ શાંતિ છે તે તમારા સૌની આગવી સંપત્ત છે. મનમાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે મને સ્વર્ગારોહણમાં ઉનાળો, શિયાળો કે ચોમાસામાં–કોઈપણ ઋતુ હોય–મા–પ્રભુના તીર્થમાં છત્ર મળશે. હંમેશ માટે હાશ મળશે. એવો દૃઢ વિશ્વાસ સપને પણ ના ડગવો જોઈએ.'' અભિનિતિ ભરત નાટ્યમ્ નાગદમનની કૃતિ સાથે રજૂ કરે છે. પૂ.શ્રીમા ખૂબ ખૂબ અભિનંદન આપે છે.

યુવાન બહેનોનો રાસ ખૂબ સરસ હોય છે. ૧૨ બહેનો રાસ રજૂ કરીને પૂ.શ્રીમા પાસેથી ખૂબ ખૂબ આશીર્વાદ મેળવી લે છે. એ રાસ રજૂ કરવામાં તેઓને ખૂબ આનંદ હોય છે. જોનારાને ડબલ. કારણ કે રાસ જોવા મળે છે અને સાથે સાથે પૂ.શ્રીમા રાસમાં એકાકાર થઈને પ્રસન્ન થાય છે. તે દશ્ય અનેરું હોય છે. કૃતિ રજૂ કરનારને પ્રેરણાનું પીઠબળ મા છે, માના કરકમળથી અપાતો પ્રસાદ છે, ને સ્લેટમાંથી સરી પડતો આશીર્વાદનો થાળ છે, પ્રેરણાનું ભાથું છે. રાસ બે વખત રજૂ થયા પછી પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે.

"મા : જીવનમાં પણ જ્યારે જ્યારે ગૂંચ કે પ્રશ્નો આવે ત્યારે ત્યારે આ રીતે સિંહણ બનીને પ્રશ્નોનો નિકાલ કરજો. દરેક મૂંઝવણ સામે જજુમજો. આજની જેમ. તમારી આખી મંડળી સાચી સખી બની રહેજો. તમે બધા ફોનથી, ઈ–મેઈલથી એકમેકને મળતા રહેજો. મિત્રતા એવી પાકી કરજો કે જીવનમાં એક હાશ મળી જાય. તમારા સૌનો અભિનય એકદમ મુક્ત છે."

નૂતન વર્ષનો પ્રારંભ અદ્‌ભુત, સમાપન અદ્‌ભુત. આ અદ્‌ભુતતા રચયિતાનો આભાર (પૂ.શ્રીમાનો આભાર) પાંચ પ્રણામ કરીને ભક્તો કરે છે. જીવનના યાદગાર પ્રસંગોમાં સૌએ આ દિવસનો ઉમેરો કર્યો. જીવન ધન્ય થયાનો ચમકારો મળ્યો. મીઠી સ્મૃતિ સાથે સૌ શયન કરવા ગયા.

તો રાતે સ્વપ્નમાં પણ જાણે પૂ.મા આજ રાસ ગવડાવતાં દેખાયા. જાણે જાગૃતિ જ સ્વપ્નમાં સાક્ષી બનીને આવી ગઈ. એવું લાગ્યું.



# સથવારો

મા સર્વેશ્વરી

જીવન વનના પુણ્ય પ્રવાસે,
મળી ગયો સથવારો રે.
વરસોથી સોંપી દીધો છે જીવનરથ મેં મારો રે,
જીવનરથના સારથિ મારા લગામ પકડી તારો રે... જીવન.
કંટક કંકર ખાડા ટેકરા, આવ્યા અધવચ ભારે રે,
નિશ્ચંત બની મ્હાલી રથમાં, દોરી તારે હાથે રે... જીવન.
જીવનકેરા પુણ્યપ્રવાસે અધવચ આવી છાયા રે,
સંતતરુવરની છાયામાં ક્ષણભર દીઠી માયા રે... જીવન.
તરુવરની શીળી છાયામાં થાક તાપ તેં ટાળ્યા રે,
શાંતિ ને શીતળતા અર્પી દિવ્ય કૃપામૃત ઢાળ્યા રે... જીવન.
તાતની છાયા માતની મમતા કેરાં ફળો ચખાડ્યાં રે,
અમીરસ પાયો સખી બનીને કૃતકૃત્ય કરી કાયા રે... જીવન.
જીવનફળની મધુરસ પ્યાલી સ્નેહ ધરીને પાઈ રે,
મસ્ત બનાવી ધન્ય બનાવી મારી જીવનવાડી રે... જીવન.
મસ્તી માંહી મસ્ત બનીને જોયું જાગી આજે રે,
સારથિ ને વળી સંતતરુવર એક સ્વરૂપે રાજે રે... જીવન.
ક્ષણભર દિવ્ય દૃષ્ટિ પ્રગટાવી અખંડ શ્રદ્ધા આપી રે,
દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં કરી જીંદગી ન્યારી રે... જીવન.
વંદુ વ્હાલા વ્હાલ ધરીને પ્રણામ પ્રભુજી પ્રેમે રે,
શ્રી ચરણોમાં મને સમાવી એક કરી દે કેમે રે.... જીવન.

*જીવનનો પુણ્યપ્રવાસ પ્રભુએ શરૂ કરાવ્યો ત્યારે સમયસર પ્રભુએ સાચો સથવારો પણ ધરી દીધો. જન્મથી જ દરેક જીવ એ જગદીશને જ પોતાનું સારથિ પદ જાણ્યે અજાણ્યે ધરે છે ને?*

*એ રીતે મારા જીવનરથને પણ પ્રભુ સારથિ બનીને ચલાવતો હતો. જીવનની પવિત્ર કેડી ઉપર સંતસ્વરૂપ શ્રી યોગેશ્વરજીની છાયા મળી ગઈ. જીવન ધન્ય બની ગયું. દિવ્યરૂપે દર્શન દઈને જીવનને સફળ કરી દીધું. સારથિ ને સંતપુરુષની છાયા બંને મૂળભૂત રીતે એક જ છે એ સમજાયું.*

*ત્યારે શ્રીચરણોમાં સદા માટે સમર્પિત થવાની જાગી ઉઠેલી ભાવના આ પદમાં વણાઈ ગઈ.*

લોકો મોટા ભાગે પરિપાટીને વશ થઈને પત્રોમાં લખ્યા કરે છે કે અમે કુશળ છીએ ને આનંદમા છીએ, પરંતુ પરમાત્માની પ્રાપ્તિ વિના આ ચલાયમાન સંસાર-માં સાચું સુખ, સાચો આનંદ કેવાં? કુશળતા કેવી? કારણ મૃત્યુ સદૈવ સૌના શિરે ભમ્યા જ કરે છે. એથી જીવનની ક્ષણભરની ખાત્રી કોણ આપી શકે? માણસે આ વિચારવું.

**—યોગેશ્વરજી**



# જપના લાભ

યોગેશ્વરજી

**પ્રશ્ન :** અભેદ દર્શન કહે છે તે એ જ છે?

**ઉત્તર :** અભેદ દર્શન, સમ્યક દર્શન, સર્વોત્તમ દર્શન, બધું એક જ અને એ જ છે. નામ જુદાં પણ વાત એક. ભાષા ભિન્ન પણ ભાવ એક.

**પ્રશ્ન :** જપથી થતા લાભ કઈ કઈ જાતના છે?

**ઉત્તર :** સૌથી પહેલો લાભ તે ચિત્તની સ્થિરતા અથવા એકાગ્રતાનો છે. તમે જાણો છો કે ચિત્તની વૃતિઓ રાત ને દિવસ બહારના પદાર્થો કે વિષયોમાં દોડ્યા જ કરે છે. એ બધી વૃત્તિઓને એકાગ્ર કરવાનું કામ કપરું છે. જપ એમાં કીંમતી મદદ કરે છે. વારંવાર એક મંત્રનો જપ કરવાથી મન એ મંત્ર પર એકાગ્ર થતું જાય છે. છેવટે એવી અવસ્થા આવે છે કે મન એ મંત્રના રટણ સિવાયનું બીજું બધું જ ભૂલી જાય છે. મંત્રના જપમાં એ એટલું બધું જોડાય જાય છે કે તલ્લીન બની જાય છે કે વાત ન પૂછો. કોઈ મહોત્સવમાં સામેલ થયું હોય એવી એની દશા થાય છે. લાંબે વખતે જપ કરતાં કરતાં શરીરનું ભાન પણ ભૂલાય જાય છે. એ અવસ્થા આપોઆપ જ આવી મળે છે. જ્યાં સુધી એવી અલૌકિક અવસ્થાની અનુભૂતિ ના થાય અને મન સપાટી પર તર્યા કરે તથા બહારની વસ્તીઓમાં દોડ્યા કરે ત્યાં સુધી જપ કાચા છે અથવા તો છેક પ્રાથમિક દશામાં જ છે એમ સમજી લઈને પછી નિરાશ થઈને બેસી ના રહેવું પરંતુ મનની

સ્થિરતા વધે તે માટે પ્રયાસ કરવો તો જ આગળ વધી શકાય. જપનો લાભ ત્યારે જ મેળવી શકાય.

**પ્રશ્ન :** જપનો એક લાભ તો સમજાયો. હવે બીજો લાભ ક્યો છે. તે કહી બતાવશો ?

**ઉત્તર :** જરૂર. તમને કહેવા માટે તૈયાર થઈને બેઠો છું. જપનો બીજો લાભ પણ એટલો જ અગત્યનો છે. જેના જપ કરવામાં આવે છે તેના જપ યાંત્રિક રીતે નથી કરવાના, પરંતુ સમજપૂર્વક કરવાના છે. એવી રીતે કરવામાં આવે તો જ જીવનનું જરૂરી પરિવર્તન થઈ શકે. દાખલા તરીકે ધારો કે તમે શ્રીરામના જપ કરી રહ્યા છો, તો 'રામ રામ' એવું પોપટ પારાયણ કરવાને બદલે રામની વિશેષતાઓનો વિચાર કરો, અને તેમને તમારા જીવનમાં ઊતારવાની કોશિશ કરો તો રામના જપ વધારે ઉપયોગી કે સાર્થક થશે.

**પ્રશ્ન :** રામની વિશેષતાઓ એટલે ?

**ઉત્તર :** રામની વિશેષતાઓ એટલે રામના જીવનના વિશેષ આદરણીય અથવા અનુકરણીય ગુણો. તે ગુણોને યાદ કરીને, એક મહાન આદર્શરૂપે નજર સામે રાખવાના છે. એટલુ જ નહિ, પરંતુ એમને આત્મસાત કરવા બનતા બધા જ પ્રયાસો કરવાના છે. રામની માતા, પિતા ગુરુ તથા ભાઈઓ તરફની પ્રીતી કે ભક્તિ સાધારણ કહેવાતા જીવો કે મનુષ્યોને માટેની પણ લાગણી, દુષ્ટોનું દમન કરવાની શક્તિ, નીતી, ધર્મનિષ્ઠા, એક પત્નીવ્રતની ભાવના, અને તેવી બીજી વિશેષતાઓને જીવનમાં વણી લેવામાં આવે, તો જીવન જુદી જાતનું જ બની જાય. રામ કેવળ જીભ પર, મસ્તકમાં, કે માળાના મણકામાં જ



રહેવાને બદલે, જીવનના પ્રત્યેક પાસામાં ફરી વળે. આપણા અસ્તિત્વના અણુએ અણુમાં આવિર્ભાવ પામે અને જપનો એક જડ વિષય જ રહેવાને બદલે, જીવનનું એક પ્રેરક બળ બની જાય. એ રીતે કેટલો બધો અમૂલખ લાભ થાય ? કોઈ પણ જપના સંબંધમાં આ રીતે સમજી લેવાનું છે. પછી તે જપ કૃષ્ણનો હોય, શંકરનો હોય, દેવીનો હોય, હનુમાનનો હોય, ગાયત્રી કે ઓમકારનો હોય, કે કોઈ બીજો હોય. દરેક જપ આ રીતે કરવામાં આવે તો, જીવનમાં એક પ્રકારની અસાધારણ ક્રાંતિ કરી શકે છે. એ ક્રાંતિને લીધે જ એનું મહત્ત્વ છે. એને જ આપણે જપનો બીજો લાભ કહીએ છીએ.

**પ્રશ્ન :** ધારો કે એવી અવસ્થાની અનુભૂતિ થતી હોય, તો પછી વિકાસને માટે બીજું કાંઈ શેષ રહે છે ?

**ઉત્તર :** જરૂર શેષ રહે છે. તલ્લીનતા કે એકાગ્રતાની એ અવસ્થા અત્યંત આવકારદાયક અને ઉત્તમ હોવા છતાં પણ, સર્વોત્તમ કે છેવટની નથી, એનું ધ્યાન રાખવાનું છે. એને જો છેવટની માની લેવામાં આવશે, તો સાધકનો આગળનો વિકાસ અટકી જશે. યાદ રહે કે જીવનની ધન્યતા કે સંપૂર્ણતાને માટે સાધકે મન ને બુદ્ધિથી અતીત પ્રદેશમાં પહોંચવાનું છે. મતબલ કે એણે અતીન્દ્રિય ભૂમિકાની પ્રાપ્તિ કરવાની છે. એને અતીન્દ્રિય ભૂમિકા કહો કે આત્મલીન ભૂમિકા કહો, બધું એક જ છે. યોગની પરિભાષામાં એને સમાધિ કહે છે. સાધકનું મન એ વખતે પરમાત્મા તત્ત્વમાં ડૂબી જાય છે, ને શરીરનું ભાન સંપૂર્ણપણે ભૂલી જવાય છે. એ અવસ્થાની પ્રાપ્તિ તમે કરી શક્યા છો? જો કરી શક્યા હો, તો સાધનામાં ખૂબખૂબ આગળ વધી

ગયા છો, એમ સમજી લેજો, ને જો એ અવસ્થાની પ્રાપ્તિ ન કરી હો, તો એની અનુભૂતિ માટે નિરંતર નિયમિત ને ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરો. ઈશ્વર તમને જરૂર સફળ કરશે. જીવનની કૃતાર્થતા એ વિના અધૂરી જ રહી જશે, ને સાધનાની સંપૂર્ણતા પણ.

**પ્રશ્ન :** ભક્તિમાર્ગના સાધકને માટે?

**ઉત્તર :** ભક્તિમાર્ગના સાધકને પણ તલ્લીનતાની જરૂર તો પડશે જ—પરંતુ એની સાથે એણે પરમાત્માને માટેનો પ્રેમ જગાવવો પડશે, ને છેવટે પરમાત્માનું દર્શન કરવું પડશે. સમાધિની ઈચ્છા એને નહીં હોય છતાં પણ, પરમાત્માના પ્રેમની પ્રબળતાને લીધે, એ ભાવસમાધિનો અનુભવ જરૂર કરશે.

**જપના લાભ**

**પ્રશ્ન :** જપના મુખ્ય બે લાભ તો કહી બતાવ્યા, તે સમજાયા પણ ખરા. હવે એના ત્રણ લાભો વિશે કહેવાની કૃપા કરશો?

**ઉત્તર :** જપ કરવાથી જેમ મનની એકાગ્રતા સધાય છે, અને જેના જપ કરવામાં આવે છે તેની અંદર રહેલા વિશેષ ગુણોથી સંપન્ન બને છે, તેમ ધીરે ધીરે પ્રેમ પણ પેદા થાય છે. જેના જપ કરવામાં આવે છે તેના દર્શન કે સાક્ષાત્કારની ઈચ્છા થાય છે અને એ ઈચ્છા ક્રમેક્રમે બળવત્તર બનીને આતુરતામાં પરિણમે છે. એવો પ્રેમ બહુ લાંબે વખતે પ્રકટ થાય છે અને જ્યારે પ્રકટ થાય છે, ત્યારે સાધકની રુચિ ને વૃત્તિ બદલાઈ જાય છે. એમાં આકાશ ને પાતાળનું પરિવર્તન આવી જાય છે એનું અંતર ઈશ્વરને માટે બેચેન બની જાય છે પરિણામે ઈશ્વર સ્મરણ કે જપ કરતી વખતે એની આંખમાંથી આંસુ ટપકે છે તથા શરીરે કંપ ને



રોમાંચ થાય છે. ઈશ્વરના ગુણાનુવાદ વિના બીજું કશું સાંભળવાનું એને નથી ગમતું. વાતો કરવાનો પ્રસંગ આવે તો પણ, મોટે ભાગે ઈશ્વર– વિષયક વાતો કરવાનું જ ગમે છે. ઈશ્વરનું દર્શન વહેલી તકે થાય એ જ એનું લક્ષ્ય બની રહે છે. એ રીતે પરમ પ્રેમ ભાવનાના પ્રાક્ટયથી એનું સમસ્ત જીવન ભરાઈ જાય છે. જપ સૌથી પહેલાં હૃદયશુદ્ધિ સાધીને આવો અસાધારણ ઉત્કટ પ્રેમ પેદા કરે છે. એમાં જ એની મહત્તા છે.

**પ્રશ્ન :** એવો ઉત્કટ પ્રેમ પેદા થાય તો સાંસારિક કર્મો કે વ્યવહાર થઈ શકે ખરા ?

**ઉત્તર :** પરમાત્માને માટેનો એવો ઉત્કટ પ્રેમ પેદા થશે એટલે સાંસારિક કર્મો આપોઆપ છૂટી જશે. કર્મો કરવાનું મન જ નહિ થાય. તમારું એક માત્ર લક્ષ પરમાત્માની પ્રાપ્તિનું જ રહેશે. છતાં પણ યાદ રાખો કે એ દશા બહુ મોડી આવશે. ત્યાં સુધી કર્મો થયા કરશે, ને ઈશ્વરસ્મરણ પણ ચાલુ રહેશે.

**પ્રશ્ન :** એવા પ્રેમના પ્રાક્ટય પછી શું થશે ?

**ઉત્તર :** ઈશ્વરનું દર્શન, એવો ઉત્કટ પ્રેમ જ ઈશ્વરના દર્શન માટેની મૂલ્યવાન સામગ્રીરૂપ થઈ પડશે. સુર્યોદય પહેલાની ઊષા જેવો એ પ્રેમ, છેવટે ઈશ્વરના સાક્ષાત્કારરૂપી સૂર્યનારાયણનું દર્શન કરાવી દેશે એ ચોક્કસ છે અને ઈશ્વરનું દર્શન થશે બાકી શું રહેશે ? પછી તો શાંતિ થઈ રહેશે. એક પ્રકારના અવર્ણનીય ઊંડા આનંદની અનુભૂતિ થસે, ને બધી જાતનું દુઃખદર્દ દૂર થઈને જીવન કાયમ માટે ધન્ય બનશે.

**પ્રશ્ન :** ઈશ્વરનદર્શનની અલૌકિક અવસ્થાએ પહોંચ્યા પછી

સેવાના ક્ષેત્રમાં પડી શકાય ખરું ?

**ઉત્તર :** ઈશ્વરની ઈચ્છા હોય તો જરૂર પડી શકાય. એવી અવસ્થાએ પહોંચ્યા પછી જે સેવા થાય છે તે વધારે વિશાળ, સંગીન, દીર્ઘાયુષિ, રાગદ્વેષથી રહિત, અથવા તો અનાસક્ત ભાવે થાય છે. એની અંદર કે બહાર, આગળ કે પાછળ, કર્તાપણાના અહંકારનો છાંટો સરખો પણ નથી હોતો. પરિણામે તે સેવા બંધનકારક નથી થતી. સંસારની પ્રત્યેક વસ્તુ કે વ્યક્તિમાં ઈશ્વરનો વાસ છે એવું સ્પષ્ટ રીતે અનુભવીને, ઈશ્વરના હાથમાં હથિયાર બનીને, ઈશ્વરની પ્રસન્નતા માટે, એક યજ્ઞભાવથી પ્રેરાઈને, એ સેવા થતી હોય છે. વિશ્વમાં જે મહાપુરુષો, સાક્ષાત્કારી આત્માઓ, કે ધર્મ ધુરંધરો થઈ ગયા છે, તેમની સેવા એવી જ હતી.

સંસારના પદાર્થો ને વાતાવરણની વચ્ચે રહેવામાં કશી હરકત નથી. તેમાં માનવનો પ્રવેશ જ તેના જરૂરી રસાસ્વાદ માટે છે, પરંતુ સ્વાદ ને ભોગ એવો અમર્યાદ ન હોવો જોઈએ કે તેમાં ડૂબીને માણસ પોતાનું કર્તવ્ય જ ચૂકી જાય અથવા તો પરમાત્માને ભૂલી જાય. એટલે તો સંસારનો ઉપભોગ ત્યાગભાવથી કરવો જોઈએ.

જીવનમાં સાચી શાન્તિ ને સુખ વિચાર ને વિવેકપૂર્વકના ત્યાગમાં જ છે. તે અંગે હંમેશ જાગ્રત રહેવું.

**—યોગેશ્વરજી**



# બે માતાઓ

**પ્રાગજી ડોસા**

મનુષ્યના મૃત્યુ પછી એના કર્માનુસાર અન્તરિક્ષમાં રહેલા લોકને (સપ્ત લોક અથવા સપ્ત નરકમાંના કોઈ સ્થાનને) તે પામે છે. સૂક્ષ્મ શરીરે એ જીવ પંચ જ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અંહકાર એ ૧૯ તત્ત્વોની સાથે જાય છે. સ્ત્રી, પુત્ર, ધન આદિ જે વસ્તુમાં એની વાસના રહી ગઈ હોય તો પરલોકમાં પણ તેને માટે એ ઝૂરે છે.

મારા બાળપણના મિત્રનું નામ ઈશ્વર. ચોપાટી ઉપર અરીસામહાલમાં અમે ઉપર નીચે રહીએ. પ.પૂ.યોગેશ્વરજીએ "પ્રકાશના પંથે" એમની આત્મકથામાં વડોદરામાં તેઓશ્રી શ્રી અડાલજાને ઘરે રહ્યા હતા એમ લખ્યું છે. શ્રી અડાલજા બંગાલના સંત હરનાથ પાગલના અનુયાયી અને કૃપાપાત્ર હતા. આ વિભૂતિ ઈશ્વરનું ઘર પાવન કરતી, નામજપ પર અખંડ શ્રદ્ધા અને કીર્તનો કરાવે તેમાં હું ને ઈશ્વર પણ ભાગ લેતા. એ કીર્તનમાં ભક્તો એટલા બધા તો તન્મય થઈ જતા કે તાળીઓના તાલ દેતાં હાથમાંથી લોહીની ટશરો ફૂટતી, તેનું પણ તેમને ભાન રહેતું નહીં. હરનાથબાબા ગૃહસ્થાશ્રમી હતા. એમને બે પુત્રો અનુકુલ અને કૃષ્ણદાસ. મૂળ વતન બંગાલના બાંકુરા જિલ્લામાં સોનામુખી ગામ.

યુવાન વય થતાં ઈશ્વરનાં લગ્ન શાન્તા નામની યુવતી સાથે થયાં. અવિભક્ત આત્માની પેઠે બંને એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં. પરંતુ એક વર્ષમાં તો ટૂંકી માંદગી ભોગવી શાન્તા શ્રીચરણ પામી. ઈશ્વર સંવેદનશીલ હતો. શાન્તાનો વિરહ એનાથી સહન થયો નહી અને છ મહિનામાં જ એણે પણ પરલોકની વાટ લીધી. એ પછી તરત જ મારે સોનામુખી જવાનું થયું. હરનાથબાબા તો

બ્રહ્મલીન થયા હતા. હું ત્યાં પહોંચ્યો કે કૃષ્ણદાસદાદાએ મને આલિંગન આપ્યું. એ વખતે મારા આખાયે શરીરમાં જાણે વિજળીનો પ્રવાહ વહેતો હોય એવી ઝણઝણાટી થઈ. એ અનુભૂતિ કો અગમ્ય આનંદની હતી. કૃષ્ણદાસદાદા પણ સિદ્ધ પુરુષ હતા. પરલોક અને અન્તરિક્ષની વાતો જાણી શકતા એટલે મેં પૂછ્યું :

''પરલોકમાં ઈશ્વર સુખી છે કે દુઃખી?''

એમણે કહ્યું ''કાલે હું જણાવીશ.'' બીજે દિવસે તેમણે કહ્યું ''હું ઈશ્વરને મળી આવ્યો. 'ભાલો બાશી. એ સુખરૂપ છે. પણ ગમ્મત થઈ. એણે કહ્યું મને શાન્તા મળી એ ઉપરાંત મારા માતૃશ્રી જેમણે વર્ષો પહેલાં દેહ છોડ્યો હતો તેઓ પણ મળ્યાં. પરંતુ અમારાં પૂર્વ જન્મોનું પણ અમને જ્ઞાન હોય છે તે અનુસાર ઈશ્વર નામધારી હું પૃથ્વી પર વિચર્યો તેના પૂર્વના જન્મમાં હું એક ખેડૂતનો પુત્ર હતો. એ જન્મનાં મારાં માબાપ જુદાં હતાં. ત્યારે પણ યુવાન અવસ્થામાં મારું મરણ થયું એ આઘાત મારી એ માતાથી જીરવાયો નહી. એ માતાએ હજી પુનર્જન્મ લીધો નથી અને એ પણ મને મળી. મારી બે માતાઓ! અને એવા તો મારા કેટલાયે જન્મ અને કેટલા બધા માતા–પિતા! એટલે પત્ની, માતા, પિતા ઉપરનું મારું મમત્વ, જે માત્ર માયા હતી તે ઓસરી ગઈ. હવે હું માત્ર પ્રભુ ભજન કર્યા કરું છું.''

એ પછી ''માયામાં બંધાયેલો જીવ'' એ વિષય પર કૃષ્ણદાસદાદા બોલ્યા અને દરેક વસ્તુ પર મમત્વ ન રાખવું તે સમજાવ્યું. એક શ્લોક બોલ્યા.

**યત્કૃતં યત્કરિષ્યામિ તત્સર્વ ન મયા કૃતમ્ ।**
**ત્વયા કૃતં તુ ફલયુકત્વમેવ મધુસુદન ॥**

ફલની આશા રાખ્યા સિવાય દરેક કર્મ કૃષ્ણાર્પણ કરીને કરીએ તો જીવ માયામાં બંધાય નહીં.



### સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# સ્વર્ગારોહણ આવતા બાળકોનું સન્માન

**–રાજુભાઈ જાની**

પૂ.શ્રીમા સર્વેશ્વરીની પ્રેરણાથી સ્વર્ગારોહણ નિયમિત આવતા અભ્યાસ કરતા બાળકો અને યુવાનોને જાહેરમાં પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન જે જે બાળકોએ ઉત્તમ પરિણામો પ્રાપ્ત કર્યા હોય તેમને શૈક્ષણિક પુરસ્કાર આપવાનું આયોજન કરાયું છે. આથી દરેક બાળકો જે પૂજ્ય શ્રી મા પાસે સ્વર્ગારોહણ નિયમિત આવતાં રહે છે તે બાળકો/યુવાનોએ તેમનાં પરિણામ પત્રકની ઝેરોક્ષ નકલ સાથે નીચેની વિગત દર્શાવતી અરજી વ્યવસ્થાક, સ્વર્ગારોહણ, દાંતા રોડ અંબાજીને તા.૧૫ જુન ૨૦૧૧ સુધીમાં પહોંચાડવી. નીચે દર્શાવેલ ટકાવારીવાળા બાળકો/યુવાનોએ અરજી કરવી.

**અરજીમાં દર્શાવવાની વિગતઃ–**

બાળકો/યુવાનનું નામઃ–
પિતાનું નામઃ–
પૂરુ સરનામુંઃ–
મોબાઈલ/ટેલીફોનઃ–
કક્ષા ધોરણ/ કોર્સનું પરિણામઃ–
માર્ક્સશીટ/પરિણામ પત્રકની કોપી જોડવી જરૂરી છે.
ધોરણ ૧ થી ૮–૭૫% કે વધુ ટકા
ધોરણ ૯ થી ૧૨–૭૦% કે વધુ ટકા

ડીગ્રી/ડીપ્લોમાં કોલેજ શિક્ષણ દરમ્યાન ૬૫% કે વધુ ટકા માર્ક્સ પ્રાપ્ત કરનાર બાળકો/યુવાનો એ જ પોતાની અરજી મોકલવી.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

પ્રકાશનાં એ કોટિ કિરણોની મદદથી અમરાપુરીમાંથી નીચે ઊતરીને દેવાંગનાઓ જાણે કે ગોપીઓના રૂપમાં યમુનાતટ પર ટોળે વળી હોય એવું લાગતું.

એ આખુંય દૃશ્ય અતિશય આકર્ષક અને અવર્ણનીય હતું.

સમસ્ત વાતાવરણ અવનવીન, અનેરું અને આહ્‌લાદક લાગતું.

એ વાતાવરણને અધિક આહ્‌લાદકતા અર્પણ કરતા હોય તેમ કૃષ્ણે એકાએક પોતાની વાંસળી વગાડી.

એ વાંસળી ન હતી, આત્માનુસંધાનું અનેરું આમંત્રણ હતું. અક્ષરલોકની અલૌકિક સંદેશવાહિની.

એના સુધાસભર સ્વરોમાં હૃદયનો રાગ હતો, એમના હૈયાના ધબકાર હતા, અને એમના અસાધારણ આત્માના આલાપ.

મુક્તિના મંગળમય મહામંદિરમાં પ્રવેશ કરાવનારી એ અદ્‌ભુત વાંસળીના સ્વર સાંભળીને ગોપીઓ મંત્રમુગ્ધ બની ગઈ, આનંદમાં ડૂબી ગઈ, અને અંદર અંદર કહેવા લાગીઃ

'કૃષ્ણની વાંસળી ખરેખર અદ્‌ભુત છે!'

'આ વાંસળી લાકડાનો—વાંસનો એક પોલો ટુકડો છે પરંતુ એની શક્તિ કેટલી બધી અસાધારણ છે? એમાં કેટલું બધું જાદુ ભર્યું છે? ભલભલા મુનિઓનાં મનને પણ મોહાવનારી આ વાંસળી સાચેસાચ સૌભાગ્યશાળી છે!'

'મને તો એની ઈર્ષા આવે છે.'



'વાંસળી જડ હોવા છતાં કેટલી બધી ચિન્મય લાગે છે?'

'મને તો લાગે છે કે એણે પૂર્વે કેટલાંય પુણ્યો કર્યા હશે. એ સિવાય એને કૃષ્ણના સમાગમનું આવું સૌભાગ્ય ના સાંપડી શકે. કૃષ્ણ એને સદાસર્વદા પોતાની પાસે જ રાખે છે. એ જડ હોવા છતાં કૃષ્ણના સંસ્પર્શથી કેટલી બધી મધુમયી બની ગઈ છે? એવો અમૂલખ સંસ્પર્શ જેને પણ પ્રાપ્ત થાય તેને ધન્ય છે.'

રાધાએ જણાવ્યું :

'સંતપ્ત અંતરને શાંતિ આપનારી વાંસળી જડ તથા ચેતનને નવજીવન ધરે છે, નવા રસે ભરે છે, તથા અવનવીન, આહ્‌લાદક અને અમૃતમય કરે છે. અખિલ અવનીને માટે એ આશીર્વાદરૂપ છે. એની સાધના શ્રેયસ્કર છે એટલા માટે જ મને એ પ્રિય લાગે છે.'

સુપ્રિયાએ કહ્યું :

'વાંસળીમાં કૃષ્ણે પોતાનું હૃદય રેલ્યું છે. એનો આત્મા એની સાથે ઓતપ્રોત થયો છે. એટલે જ એમાં આટલી બધી અસરકારકતા છે. આ સ્વર નથી, કૃષ્ણના રસાર્દ્ર હૃદયનું અનુરાગ માટેનું આમંત્રણ છે.'

'સાચું છે. મને પણ એવું જ લાગે છે. એ આમંત્રણનો સ્વીકાર કરીને મારું હૃદય એની તરફ કુદરતી રીતે જ ખેંચાઈ રહ્યું છે. આજથી નહીં પરંતુ જાણે કે યુગોથી.'

કૃષ્ણે રાધા પાસે પહોંચીને પ્રેમપૂર્ણ સ્વરે કહ્યું :

'મારી સાચી વાંસળી તો તું છે.'

'હું?'

'હા. તું. મારી આ વાંસળી વિના કદાચ રહી શકું. પરંતુ તારા વિના ક્ષણભર પણ નહીં રહી શકું.'

'તો પછી મને તારા હોઠે લગાવી લે.' રાધાએ વિનોદ કર્યો.

કૃષ્ણે તરત જ કહ્યું :

'હોઠે જ શા માટે? હું તો તને મારા પ્રત્યેક શ્વાસ સાથે સાંધી દઈશ. મારા સમસ્ત જીવનમાં એક તને જ સ્થાન દઈશ.'

'જરૂર?'

'હા. જરૂર. અને તારા પવિત્ર પ્રેમમાંથી પ્રેરણા મેળવીને જગતમાં જીવન ભરીશ, જ્યોતિ ધરીશ, અને લોકહિતનાં અનેક અવનવીન કામો કરીશ. તું મારા હૃદયમાં આજીવન રાસ રમતી તથા તાલ ધરતી અને સંવાદ ભરતી રહેશે.'

'આ હું શું સાંભળી રહી છું?'

'જે સાંભળે છે તે યથાર્થ જ સાંભળી રહી છે. આવ, આપણે સૌ સાથે મળીને રાસ રમીએ.'

વાંસળીના સંમોહક સ્વરો વાતાવરણમાં ફરી પાછા ફરી વળ્યા.

ગોપીઓ મંત્રમુગ્ધ બની ગઈ.

કાલિંદીના ક્લેશરહિત કિનારા પર શરદપૂર્ણિમાની એ રમણીય રાતે રાસલીલા શરૂ થઈ.

કૃષ્ણે પોતાની અસાધારણ યોગશક્તિથી અનેક રૂપોમાં પ્રકટ થઈને સઘળી ગોપીઓને રાસ દ્વારા સંતોષ આપ્યો.

શિશુ જેવી રીતે પોતાનાં પ્રતિબિંબો સાથે ક્રીડા કરે તેવી રીતે ક્રીડા કરી.

પ્રકૃતિ અને પુરુષના અનાદ્યનંત રાસની સ્મૃતિ કરાવતો એ રાસ મહારાસ થયો ને મંગલમય બની ગયો.

ગોપીઓને એથી સંપૂર્ણ સંતોષ થયો.

એ મહારાસમાં રાધા પર કૃષ્ણે વિશેષ અનુગ્રહ કર્યો.



વ્રજના ઈતિહાસમાં, વિશ્વમાં અને ગોપીઓના જીવનમાં એ રાસ ચિરંજીવ બની ગયો.

**વસમી વિદાય**

જીવનનો પ્રવાહ પાણીના પાર્થિવ પ્રવાહની પેઠે કાયમને માટે એકસરખો નથી ચાલતો.

થોડાક સમયને માટે એ સીધો ચાલે છે, સાફસુથરા સુંદર સપાટ પ્રદેશ પરથી વહે છે, તો વળી પાછો વક્રગતિએ આગળ વધતો ખાડાટેકરા પરથી પસાર થાય છે.

ઘડીમાં એનું સંગીત મંદ પડે છે તો ઘડીમાં પ્રબળ બને છે. વહેવા માંડે છે તો ઘડીમાં નિષ્પ્રાણ જેવો બનતાં, સૂક્ષ્મ રૂપ ધરતાં, પોતાના સમસ્ત સંગીતને ભૂલતાં, પસાર થાય છે.

ઘડીમાં ઉલ્લાસ તો ઘડીમાં વિષાદ, ઘડીમાં લાભ તો ઘડીમાં હાનિ, ઘડીમાં પ્રાપ્તિ તો ઘડીમાં અપ્રાપ્તિ, અને સંપત્તિ–વિપત્તિના અનુકૂળ–પ્રતિકૂળ પ્રદેશોમાં, વિરોધાભાસી વાતાવરણમાં થઈને એ પસાર થાય છે.

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.